# Current Affairs July-2017

## 1.July. 2017

**(૧) નેશનલ ડોક્ટર્સ ડે :**

– ભારતના મહાન તબીબ ડૉ. બિધાનચંદ્ર રોયની યાદમાં ભારત સરકાર દર વર્ષે ૧ જુલાઇએ નેશનલ ડોક્ટર્સ ડે મનાવે છે.
– તેમનો જન્મ ૧ જુલાઇ ૧૮૮૨ ના રોજ બિહાર માં થયો હતો.
– અવસાન ૧ જુલાઇ ૧૯૬૨
– તેઓ પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી બન્યા હતા.
– ભારત સરકારે વર્ષે ૧૯૬૧માં તેમને સર્વોચ્ચ સન્માન 'ભારત રત્ન' થી સન્માનીત કર્યા હતા.

**(૨) ૧ જુલાઇ, ૨૦૧૭ થી જીએસટી લાગુ :**

– ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સમગ્ર દેશમાં ૧ જુલાઇ–૨૦૧૭ એક જ કર જીએસટી લાગુ
– આ માટે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની અધ્યક્ષતામાં વડાપ્રધાનશ્રીએ રાત્રીના ૧૨ વાગ્યે સંસદની બેઠક બોલાવી જીએસટી લોન્ચ કર્યું.
– કોઇ ટેક્સને અમલી કરવા પહેલી વખત અડધી રાત્રે સંસદ બોલાવવામાં આવી.
– વર્ષ ૧૯૪૭માં દેશની આઝાદી સમયે આઝાદીની જાહેરાત માટે મધ્યરાત્રીએ સંસદ બોલાવાઇ હતી.
– ત્યારબાદ અન્ય બે વખત પણ સંસદનું સત્ર બોલાવાયું હતું.
  – ૧૯૭૨ માં આઝાદીનું રજતજયંતિ વર્ષ
  – ૧૯૯૭ માં આઝાદીનું સુવર્ણજયંતિ વર્ષ
– જીએસટીમાં અલગ અલગ ચાર સ્લેબ નક્કી કરાયા છે.
– જેમા ૫%, ૧૨%, ૧૮% અને ૨૮% નો સમાવેશ થાય છે.
– મોટાભાગની જીવનજરૂરીયાતની વસ્તુઓ ૦% જીએસટી
– જીએસટીમાં સામેલ ૮૦ ટકા વસ્તુઓ પર ૧૮ ટકાની અંદર ટેક્સ લાગશે.
– દેશમાં ચાર પ્રકારના જીએસટી હશે.
  (૧) સીજીએસટી – સેન્ટ્રલ જીએસટી
  – આ ટેક્સ કેન્દ્ર સરકાર વસૂલ કરશે.
  (૨) એસજીએસટી – સ્ટેટ જીએસટી
  – આ ટેક્સ રાજ્યસરકાર વસૂલ કરશે.
  (૩) આઇજીએસટી – ઇન્ટિગ્રેટેડ જીએસટી
  – બે રાજ્યો વચ્ચે થતાં વ્યાપાર ઉપર આ ટેક્સ લાગશે
  (૪)યુજીએસટી – યુનિયન ટેરેટરી જીએસટી
  – આ ટેક્સ કેન્દ્રશાસિત પ્રદેશો પર કેન્દ્ર સરકાર વસૂલ કરશે.
– જીએસટીમાં વિશ્વનો પ્રથમ દેશ :
  – વિશ્વમાં ૧૦૦ થી વધુ દેશોએ જીએસટી અથવા તો સમાન ટેક્સ – દર અપનાવ્યા છે.
  – ૧૯૫૪માં ફ્રાન્સે સૌથી પહેલા જીએસટી દાખલ કર્યો હતો.

**(૩) સરકારે નાની બચત યોજનામાં ૦.૧ ટકા વ્યાજદર ઘટાડ્યો.**

– સરકાર દર ત્રણ મહિને નાની બચતની યોજનાઓના વ્યાજ દર નક્કી કરે છે.
– સરકારે જુલાઇથી સપ્ટેમ્બર સુધીના બીજા ક્વાટર માટે વિવિધ નાની બચત યોજનાઓના વ્યાજદર ઘટાડ્યા.
– બાળ કન્યાઓ માટેની સુકન્યા સમુદ્ધી યોજનામાં વ્યાજદર ૮.૪ ટકાથી ઘટાડી ૮.૩ ટકા કરવામાં આવ્યું.
– પાંચ વર્ષિય સિનિયમ સિટિઝન સેવિંગ્સ સ્કીમ હેઠળ ૮.૩ ટકા વ્યાજ ચૂકવવામાં આવશે.
– કિસાન વિકાસ પત્રમાં હવે ૭.૫ ટકા વ્યાજ મળશે અને ૧૧૫ મહિનામાં નાણાં બમણા થશે.
– પીપીએફ માં ૭.૮ ટકા વ્યાજ મળશે.
– બેંકો અને પોસ્ટ ઓફિસના સેવિંગ ખાતામાં જમા રકમ પર અપાતા ૪ ટકા વ્યાજમાં કોઇ ફેરફાર કરવામાં આવ્યો નથી.

**(૪) ICAI : સ્થાપના દિવસ :**

– ઇન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્સ ઓફ ઇન્ડિયા
– ચાર્ટર્ડ એકાઉન્ટની દેશની સર્વોચ્ચ સંસ્થા ICAI ની સ્થાપના ૧ જુલાઇ ૧૯૪૯ ના રોજ થઇ હતી.
– હેડક્વાટર : દિલ્હી
– નવી દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ICAI ના ૬૮માં સ્થાપના દિન નિમિત્તે ઇન્દિરા ગાંધી સ્ટેડિયમમાં પ્રવચન આપ્યું હતું.
– પ્રવચનમાં તેમણે ૧ જુલાઇથી લાગુ થતા જીએસટીને 'ગુડ એન્ડ સિમ્પલ ટેક્સ' કહ્યું હતું.
– ICAI નું સુત્ર – ય એષ સુપ્તેષુ જાગતિ (સંસ્કૃત ભાષાનું સુત્ર છે.)
– ICAI ના પ્રમુખ : દેવરાજ રેડ્ડી

**પ્રશ્નો :**

૧ ૧ જુલાઇ ભારતમાં કયો દિવસ મનાવાય છે ?
– નેશનલ ડોક્ટર્સ ડે
૨ કોની યાદમાં નેશનલ ડોક્ટર્સ ડે મનાવાય છે ?
– ડૉ. બિધાનચંદ્ર રોય
૩ કયા વર્ષમાં ભારત સરકારે ડૉ. રોયને ભારત રત્નથી નવાજ્યા હતા ?
– ૧૯૬૧
૪ ડૉ. રોય કયા રાજ્યના બીજા મુખ્યમંત્રી બન્યા હતા ?
– પં. બંગાળ
૫ વિશ્વમાં જીએસટી લાગુ કરનાર પ્રથમ દેશ ?
– ફ્રાન્સ
૬ જીએસટીના લોન્ચિંગ માટે અડધી રાત્રે સંસદ બોલાવવમાં આવી, આવી ઘટના કુલ કેટલી વાર બની છે ?
– ચાર વાર
૭ બે રાજ્યો વચ્ચે થતા વેપારમાં કેન્દ્ર સરકાર કયો જીએસ વસૂલ કરશે ?

– ઇન્ટિગ્રેટેડ જીએસટી
૮ સુકન્યા સમુદ્ધી યોજનામાં કેટલા ટકા વ્યાજદર કરવામાં આવ્યો.
– ૮.૩ ટકા
૯ કિસાન વિકાસ પત્રમાં કેટલા મહિનામાં નાણા બમણા થાશે ?
– ૧૧૫ મહિના
૧૦ ICAI નું પુરૂનામ લખો.
– ઇન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટસ ઓફ ઇન્ડિયા
૧૧ ICAI ની સ્થાપના ક્યારે થઇ હતી ?
– ૧ જુલાઇ ૧૯૪૯
૧૨ ICAI ના પ્રમુખ ?
– દેવરાજ રેડ્ડી
૧૩ ICAI નું સ્લોગન જણાવો જે સંસ્કૃત ભાષામાં
– ય એષ સુપ્રેષુ જાગતિ

## 2.July. 2017

(૧) શ્યામ શરણ નેગી :
– શ્યામ શરણ નેગી આઝાદ ભારતના પ્રથમ મતદાતા છે.
– તેમનો ઝન્મ ૧ જુલાઇ, ૧૯૧૭ના રોજ હિમાચલ પ્રદેશના નાનકડા ગામમાં થયો હતો.
– ૧ જુલાઇ ૨૦૧૭ના તેઓએ ૧૦૦ વર્ષ પૂર્ણ કર્યા
– ૧૯૫૧માં આઝાદ ભારતની પ્રથમ ચૂંટણી થઇ ત્યારે સૌથી પહેલો મત શ્યામ શરણ નેગીએ આપ્યો હતો
– આઝાદ ભારતની પ્રથમ ચૂંટણી ફેબ્રુઆરી, ૧૯૫૨માં થઇ હતી પરંતુ હિમાચલમાં બરફ વર્ષાનો પ્રશ્ન હોવાથી ત્યાં પાંચ મહિના વહેલું મતદાન થયું હતું.
– સૌથી પહેલું મતદાન કિન્નુરમાં યોજાયું હતું.
– ૨૦૧૪ની લોકસભા ચૂંટણી વખતે ભારતના ચૂંટણીપંચે તેમનું ખાસ સન્માન પણ કર્યું હતું.
– તેઓ ૧૬ લોકસભા ચૂંટણી, ૧૨ વિધાનસભા ચૂંટણી તથા બીજી સ્થાનિક ચૂંટણીમાં મતદાન કરી ચૂક્યા છે.
– ૨૦૧૬માં આવેલી હિન્દી ફિલ્મ ‘સનમ રે’ માં તેઓ નાનકડા રોલમાં ચમક્યા હતા.

(૨) બશીર લશ્કરી : તોયબા કમાન્ડર :
– લશ્કરે–એ–તોયબાના કમાન્ડર બશીર લશ્કરીને ભારતીય સેનાએ ઠાર કર્યો.
– જૂનેદ મટ્ટુ બાદ બશીર લશ્કરી તોયબાનો કમાન્ડર બન્યો હતો.

(3) ઇસ્ટબોર્ન ઓપન – ટેનિસ :
– વિમેન્સ સિંગલ્સ :
– વિજેતા : કેરોલિના પ્લિસ્કોવાચચેક ગણરાજ્ય
હરિફ – કેરોલિના વોઝનિયાકી, ડેન્માર્ક
પ્લિસ્કોવાનું વર્ષનું આ ત્રીજુ ટાઇટલ છે.
– મેન્સ સિંગલ્સ :
વિજેતા : – નોવાક જોકોવીચ, સર્બિયા
જેકોવીચનું આ વર્ષનું આ બીજું ટાઇટલ છે. અગાઉ જાન્યુઆરીમાં તેણે ક્તાર ઓપન ટાઇટલ જીત્યું હતું.

(૪) એશિયન જૂનિયર ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ :
– કોરીયાના અસાનમાં ૨૩ મી જુનિયર એશિયન ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપ યોજાઈ હતી.
– આ ચેમ્પિયનશીપમાં ભારતને બ્રોન્ઝ મેડલ મળ્યો હતો.
– ભારતીય ખેલાડીઓ : માનવ ઠક્કર, માનુષ શાહ

પ્રશ્ન :
૧ શ્યામ શરણ નેગી કોણ છે ?
– ભારતના પ્રથમ મતદાતા
૨ શ્યામ શરણ નેગી કયા રાજયના વતની છે?
– હિમાચલ પ્રદેશ
૩ કઇ લોકસભા ચૂંટણી વખતે ભારતના ચૂંટણીપંચે તેમનું ખાસ સન્માન કર્યું હતું ?
– ૧૬ મી લોકસભા ચૂંટણી, ૨૦૧૪
૪ ૨૦૧૬માં આવેલી કઈ હિન્દી ફિલ્મમાં તેઓ દેખાયા હતા ?
– સનમ રે
૫ ભારતીય સેના દ્વારા તોયબાના કમાન્ડરને ઠાર કરાયો તેનું નામ જણાવો.
– બશીર લશ્કરી
૬ ઇસ્ટબોર્ન ઓપન (ટેનિસ) મેન્સ સિંગલસ વિજેતા ?
– નોવાક જોકોવીચ
૭ ઇસ્ટબોર્ન ઓપન (ટેનિસ) વિમેન્સ સિંગલ્સ વિજેતા ?
– કેરોલિના પ્લિસકોવા
૮ એશિયન જૂનિયર ટેબલ ટેનિસ ચેમ્પિયનશીપમાં ભારતે કયો મેડલ જીત્યો ?
– બ્રોન્ઝ મેડલ

## 3.July. 2017

(૧) ‘પ્રેસિડેન્ટ પ્રણવ મુખરજી – અ સ્ટેટ્સમેન’
– ભારતના ૧૩ માં રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીની ટર્મ પુરી થઇ રહી છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ‘પ્રેસિડેન્ટ પ્રણવ મુખરજી : અ સ્ટેટ્સમેન ’ પુસ્તકનું વિમોચન કર્યું.
– આ પુસ્તક ભારતમાં સૌથી જૂના સમાચારપત્રમાં ગણાતું એક અંગ્રેજી સમાચારપત્ર ‘ધ સ્ટેટ્સમેન’ દ્વારા પ્રકાશીત કરાયું છે.

૨ સ્વિસ બેંકોમાં બ્લેકમની બાબતે ભારત ૮૮માં ક્રમે :
– તાજેતરમાં સ્વિસ નેશનલ બેંક દ્વારા બ્લેકમની બાબતે વિશ્વના દેશોના આંકડા જાહેર કર્યા.
– આ યાદીમાં ભારત ૮૮માં નંબરે પહોચ્યો છે.
– વર્ષ ૨૦૦૪માં ભારત આ યાદીમાં ૩૭માં સ્થાન પર હતો.
– ભારતીયો દ્વારા સ્વિસ બેન્કોમાં રાખવામાં આવેલું નાણું વિદેશી ગ્રાહકોએ સ્વિસ બેન્કોમાં મૂકેલા પૈસાની સરખામણીમાં ૦.૦૪ ટકા જ છે.
– સૌથી વધુ બ્લેકમની સંગ્રહવાની બાબતમાં હાલ બ્રિટન ટોંચ પર છે. ત્યારબાદ અમેરિકા અને વેસ્ટઇન્ડિઝ બીજા અને ત્રીજા ક્રમ પર છે.
– આખા વિશ્વના વિદેશી ગ્રાહકો દ્વારા સ્વિસ બેન્કોમાં મુકવામાં આવેલી જમા રકમ ૨૦૧૬માં વધીને ૧૪૨૦ અબજ સ્વિસ ફ્રાન્ક થઇ ગઈ છે.

(૩) ઇજિપ્તમાં ૨ હજાર વર્ષ જૂના મમી મળ્યા :

- મમીઓના દેશ તરીકે ઓળખાતા ઇજિપ્તમાં ૨ હજાર વર્ષ જૂના ૧૭ નવા મમી મળ્યા.
- પ્રાચીન સમયમાં માનવ મૃતદેહનો ક્રિયાકર્મ કરવાના સ્થાને ખાસ ટેકનિકથી સાચવી રાખવામાં આવતા તેને મમી કહેવામાં આવે છે.
- આ મમી મિન્યા શહેર પાસે નાઇલ નદીની ઘાટીમાંથી મળી આવ્યા છે જે કાહિરા યુનિવર્સિટીના સંશોધકોએ શોધ્યા છે.

(૪) હસરાંગા ડી સિલ્વા : શ્રીલંકન ક્રિકેટર :

- શ્રીલંકાના યંગ ખેલાડી હસરાંગા ડી સિલ્વાએ ઝિમ્બામ્બવે સામેની પોતાની પદાર્પણ મેચમાં જ હેટ્રિક લઇ ઇતિહાસ રચ્યો.
- સ્પિનર હસરાંગા આ સિદ્ધિ મેળવનાર વિશ્વનો ત્રીજો ખેલાડી બન્યો.
- આ પહેલા બાંગ્લાદેશનો તાઇજુલ ઇસ્લામ તથા સાઉથ આફ્રિકાનો કાગિસો રબાડાએ આ સિદ્ધી હાંસલ કરી હતી.

પ્રશ્ન :

૧ તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ માટે કયા પુસ્તકનું વિમોચન કર્યું ?
- પ્રેસિડેન્ટ પ્રણવ મુખરજી – અ સ્ટેટ્સમેન

૨ રાષ્ટ્રપતિ પર લખાયેલ એ પુસ્તક કોના દ્વારા પ્રકાશિત કરાયું ?
- ધે સ્ટેટ્સમેન – અંગ્રેજી સમાચારપત્ર

૩ સ્વિસ બેંકોમાં બ્લેકમની બાબતે ભાર વિશ્વમાં કયો ક્રમે છે ?
- ૮૮ માં ક્રમે

૪ સૌથી વધુ બ્લેકમની સંગ્રહવામાં કયો દેશ આગળ છે ?
- બ્રિટન

૫ મમીઓનો દેશ તરીકે કયો દેશ ઓળખાય છે ?
- ઇજીપ્ત

૬ પોતાના પ્રથમ વન ડે મેચમાં હેટ્રીક વિકેટ ઝડપનાર હસરાંગા ડી સાલ્વા કયા દેશનો ક્રિકેટર છે ?
- શ્રીલંકા

૭ હસરાંગા પ્રથમ મેચમાં જ હેટ્રીક વિકેટ ઝડપનાર વિશ્વનો કેટલામો ખેલાડી બન્યો ?
- ત્રીજો

## 4.July. 2017

(૧) વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુવાનો માટે બુક લખશે :

- વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશના યુવાનો માટે પુસ્તક લખશે.
- આ પુસ્તકમાં મોદી યુવાનોને પરિક્ષાના તણાવનો કઇ રીતે સામનો, લક્ષપ્રાપ્તિ માટે શું કરવું તથા પરિક્ષા પછીના આયામોની ચર્ચા કરશે.
- આ પુસ્તક પેંગ્વિન રેન્ડમ હાઉસ ઇન્ડિયા દ્વારા પ્રકાશિત કરાશે.

(૨) સરફરાઝ અહેમદ – પાકિસ્તાની ક્રિકેટર :

- ચેમ્પિયન્સ ટ્રોફી – ૨૦૧૭ જીત્યા બાદ પાક. ક્રિકેટ બોર્ડે સરફરાઝ અહેમદને ટેસ્ટ ક્રિકેટનો પણ કેપ્ટન બનાવ્યો.
- હવે સરફરાઝ ત્રણેય ફોર્મેટમાં પાકિસ્તાની ટીમનો કેપ્ટન છે.

(૩) ભારતીય મૂળનો વિદ્યાર્થી અમેરિકામા નેશનલ સ્પીચ સ્પર્ધા જીત્યો :

- ભારતીય મૂળનો વિદ્યાર્થી જે.જે. કપૂર એમરિકાની સૌથી મોટી નેશનલ સ્પીચ સ્પર્ધામાં વિજેતા બન્યો.
- તેણે લેટ્સ ડાન્સના વિષય અંતર્ગત શીખ કોમ્યુનિટીને આંતકવાદી સમજીને જે રીતે સતામણી થાય છે એ સામાજિક મુદ્દો ઉઠાવ્યો હતો.

પ્રશ્ન :

૧ વડાપ્રધાન નરેન્દ્ર મોદી યુવાનો માટે બુક લખશે તેને કોના દ્વારા પ્રકાશીત કરાશે ?
- પેગ્વિન રેન્ડમ હાઉસ ઇન્ડિયા

૨ પાકિસ્તાનના ક્રિકેટના ત્રણેય ફોર્મેટના કેપ્ટન કોણ છે ?
- સરફરાઝ અહેમદ

૩ કયાં ભારતીય મૂળના વિદ્યાર્થીઓ અમેરિકામાં નેશનલ સ્પીચ સ્પર્ધા જીતી ?
- જે.જે. કપુર

૪ જે.જે. કપૂરે કયા વિષય અંતર્ગત સામાજિક મુદ્દો ઉઠાવ્યો હતો.
- લેટ્સ ડાન્સ

## 5.July. 2017

(૧) અચલકુમાર જ્યોતિ – નવા મુખ્યચૂંટણી કમિશનર :

- આગામી મુખ્યચૂંટણી કમિશનર તરીકે અચલકુમાર જ્યોતિને નિયુક્ત કરાયા છે.
- તેઓ ૬ જુલાઇ ૨૦૧૭ થી મુખ્ય ચૂંટણી કમિશનર નસીમ ઝૈદીનું સ્થાન લેશે.
- એ.કે. જ્યોતિ ૨૧માં મુખ્ય ચૂંટણી કમિશનર બનશે.
- એ.કે. જ્યોતિ ૧૯૭૫ બેચના ગુજરાત કેડરના આઇએએસ અધિકારી છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓએ ગુજરાતના મુખ્ય સચિવપદે પોતાની સેવાઓ આપી હતી.

ઇલેક્શન કમિશન ઓફ ઇન્ડિયા

- હેડ ક્વાટર : ભારત નિર્વાચન આયોગ દિલ્હી
- મુખ્ય ચૂંટણી કમિશનર ઇલેક્શન કમિશન ઓફ ઇન્ડિયાના સભ્ય હોય છે. જે મોટાભાગે આઇએએસ કે આઇપીએસ અધિકારી હોય છે.
- વર્ષ ૧૯૮૯ સુધી માત્ર એક જ ચૂંટણી કમિશનર હતા પરંતુ ત્યારબાદ બોડીમા બીજા બે ચૂંટણી કમિશનર ઉમેરાયા
- એટલે કે ૧૯૮૯ બાદ એક મુખ્ય અને બે અન્ય એમ ત્રણ ચુંટણી કમિશનરની બોડી બની.
- એ.કે. જ્યોતિ મુખ્ય ચૂંટણી કમિશનર બન્યા પહેલા ચૂંટણી કમિશનર હતા તથા તેમની સાથે ઓમપ્રકાશ રાવત અન્ય ચૂંટણી કમિશનર હતા.

નિમણૂંક અને કાર્યકાળ :

Vivekanand Academy Gandhinagar

- ભારત સરકાર દ્વારા ચૂંટણી કમિશનરની નિમણૂંક થાય છે. તથા તેમને રાષ્ટ્રપતિ હોદ્દાના શપથ લેવડાવે છે.
- તેમનો કાર્યકાળ ૬ વર્ષ અથવા ૬૫ વર્ષની વય સુધીનો હોય છે.
- ભારતના પ્રથમ ચૂંટણી કમિશનર : સુકુમાર સેન

(૨) કલ્પના ચાવલા સ્કોલરશીપ :
- મહારાષ્ટ્રના અમરાવતીની ૨૧ વર્ષની સોનલ બબરવાલને ઇન્ટરનેશનલ સ્પેસ યુનિવર્સિટીની પ્રથમ કલ્પના ચાવલા સ્કોલરશીપ મળી.
- આયર્લેન્ડની યુનિવર્સિટીની કાર્ક ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીએ સ્પેસ સ્ટડીઝ પ્રોગ્રામ હેઠળ સ્કોલર શીપ શરૂ કરી છે.

પ્રશ્ન :

૧ ભારતના નવા ચૂંટણી કમિશનર કોણ બન્યા ?
- અચલકુમાર જ્યોતિ

૨ અચલકુમાર જ્યોતિનો ક્રમ જણાવો ?
- ૨૧મા

૩ એ.કે. જ્યોતિ કોનું સ્થાન લેશે ?
- નસીમ ઝૈદી

૪ એ.કે. જ્યોતિ કઈ બેચના આઇએએસ અધિકારી છે ?
- ૧૯૭૫ બેચ ગુજરાત કેડર

૫ મુખ્ય ચૂંટણી કમિશનરનો કાર્યકાળ કેટલો હોય છે ?
- ૬ વર્ષ

૬ ભારતના પ્રથમ મુખ્ય ચૂંટણી કમિશનર કોણ હતા ?
- સુકુમાર સેન

૭ પ્રથમ કલ્પના ચાવલા સ્કોલરશીપ કોને મળી ?
- સોનલ બબરવાલ

## 6.July. 2017

(૧) વર્લ્ડ ઝુનોસીસ ડે
- મનુષ્ય પશુ અને પક્ષીઓના સંપર્કમાં સતત હોય છે.
- જેના લીધે પશુ, પક્ષીઓના રોગો માનવોને થવાની શક્યતા હોય છે.
- આવા રોગોને ઝુનોસીસ રોગો કહેવામાં આવે છે.

(૨) એશિયન સ્નૂકર ચેમ્પિયનશીપ :
- કિર્ગીસ્તાનના બિશ્કેકમાં એશિયન સ્નૂકર ચેમ્પિયનશીપનું આયોજન થયું.
- ભારતે ફાઇનલમાં પાકિસ્તાનને હરાવી આ ટાઇટલ જીતી લીધું
- બેસ્ટ ઓફ ફાઇવના મુકાબલામાં ભારતના પંકજ અડવાણીએ પેલા રાઉન્ડમાં મોહમ્મદ બિલાલને પરાજય આપ્યો.
- ત્યારબાદ બીજા રાઉન્ડમાં ભારતના લક્ષ્મણ રાવતે બાબર માસીહને પરાજય આપ્યો.
- જ્યારે ત્રીજા ડબલ્સ રાઉન્ડમાં પંકજ અડવાણી અને લક્ષ્મણ રાવતે વિજયી દેખાવ કરતા ચેમ્પિયન રહ્યા હતા.
- આખી ટૂર્નામેન્ટમાં પંકજ અડવાણી એક પણ મેચ હાર્યો ન હતો.
- આ સિઝનમાં અડવાણીનું બીજું અને કારકિર્દીનું આઠમું ટાઇટલ છે જ્યારે લક્ષ્મણ રાવતનું આ પ્રથમ ટાઇટલ છે.

(૩) મલબાર યુદ્ધ કવાયત :
- ૧૦ જુલાઇથી બંગાળના અખાતમાં મલબાર યુદ્ધ કવાયત યોજાશે.
- આ કવાયત ભારત, જાપાન અને અમેરિકી નૌકાદળો વચ્ચે યોજાશે.
- આ યુદ્ધ કવાયતમાં ૧૫ જેટલા યુદ્ધ જહાજો બે સબમરીન સંખ્યાબંધ ફાઇટર જેટ, સર્વેલન્સ એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર ભાગ લેશે.
- ભારતનું વિમાનવાહક જહાજ આઇએનએસ વિક્રમાદિત્ય ભારતીય નૌકાદળના જહાજોનું નેતૃત્વ કરશે.
- અમેરિકાનું એક લાખ ટન વજનનું પરમાણુ સંચાલિત વિમાનવાહક યુદ્ધજહાજ નિમિત્ઝ પણ કવાયતમાં ભાગ લેશે.

પ્રશ્નો :

૧ ૬ જુલાઇના રોજ કયો આંતરરાષ્ટ્રીય દિવસ મનાવાય છે ?
- વર્લ્ડ ઝુનોસીસ ડે

૨ એશિયન સ્નૂકર ચેમ્પિયનશીપનું આયોજન કયાં કર્યું હતું ?
- કિર્ગીસ્તાન

૩ એશીયન સ્નૂકર ચેમ્પિયનશીપ વિજેતા ?
- ભારત

૪ ભારતે એશીયન સ્નૂકર ચેમ્પિયનશીપમાં ફાઇનલમાં કોને પરાજય આપ્યો ?
- પાકિસ્તાન

૫ કિર્ગીસ્તાનમાં યોજાયેલ એશિયન સ્નૂકર ચેમ્પિયનમાં કયો ખેલાડી અજય રહ્યો હતો ?
- પંકજ અડવાણી

૬ પંકજ અડવાચણી સાથે કયાં ભારતીય ખેલાડીએ ફાઇનલમાં ડબલ્સમાં વિજયી દેખાવ કર્યો હતો ?
- લક્ષ્મણ રાવત

૭ કયાં ત્રણ દેશ વચ્ચે બંગાળના માલબાર યુદ્ધ કવાયત યોજાશે ?
- ભારત, જાપાન, અમેરિકા

૮ ભારતનું કયું જહાજ માલબાર કવાયતમાં નેતૃત્વ કરશે ?
- આઇએનએસ વિક્રમાદિત્ય

૯ અમેરિકાનું કયું જહાજ તેમની ટીમનું નેતૃત્વ કરશે ?
- નિમિત્ઝ

## 7.July. 2017

(૧) ફિફા રેન્કિંગમાં ભારત છેલ્લા બે દશકાના શ્રેષ્ઠ રેન્કિંગ પર
- ફિફા દ્વારા જાહેર કરાયેલા રેન્કિંગ મુજબ ભારત ૯૬માં સ્થાન પર છે.

– છેલ્લા બે દશકાનો આ સર્વશ્રેષ્ઠ રેન્ક છે.
– છેલ્લે ૧૯૯૪માં ભારત ૯૪માં રેન્ક પર હતું
– ભારતીય ફુટબોલ ટીમ કેપ્ટન : સુનીલ છેત્રી
– કોચ : સ્ટીફન કોન્સ્ટેન્ટાઇન

(૨) ૨૦૧૮ના ગણતંત્ર દિવસે ASEAN દેશો ભારતના મહેમાન બનશે :
– એક પ્રસિદ્ધ અખબારના અહેવાલ મુજબ ૨૦૧૮ના ગણતંત્ર દિવસે ભારતના દક્ષિણ–પૂર્વના ૧૦ દેશો વચ્ચે બનેલા સંગઠન ASEAN ના વડાઓને ભરતના મુખ્ય મહેમાન તરીકે આમંત્રણ આપશે.
– વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે થોડા દિવસ પહેલા ASEAN દેશો વચ્ચે સંબંધો મજબુત બનવવા ઉપર ભાર મૂક્યો હતો.
– ASEAN એસોસિએશન ઓફ સાઉથ–ઇસ્ટ એશિયન નેશન્સ
– ASEANની સ્થાપના ૧૯૬૭માં થઇ હતી.
– દક્ષિણ –પૂર્વના દેશો વચ્ચે એકતા જળવાઇ રહે તે હેતુ માટેઆ સંગઠનની રચના થઇ હતી.
– સંગઠનના કાયમી સભ્યો :
  બ્રુનેઇ, કંબોડિયા, ઇન્ડોનેશીયા, લાઓસ
  મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઇન્સ, સિંગાપોર,
  થાઇલેન્ડ, વિએટનામ.

## 8.July. 2017

(૧) પી.વી. સિંધુને વર્ષની સર્વશ્રેષ્ઠ ખેલાડીનો એવોર્ડ :
– રિયો ઓલિમ્પિકની સિલ્વર મેડાલીસ્ટ પી.વી. સિંધુને વર્ષની સર્વશ્રેષ્ઠ ખેલાડીનો એવોર્ડ એનાયત થયો.
– આ એવોર્ડ સ્પોટ્ર્સ ઇલસ્ટ્રેટેડ ઇન્ડિયા મેગેઝીન દ્વારા શરૂ કરવામાં આવ્યો છે.
– આ ઉપરાંત ચેરિટી ગાલા એવોર્ડ સમારોહમાં એનાયત થયેલ અન્ય એવોર્ડ :
– વર્ષના સર્વશ્રેષ્ઠ કોચ – પુલેલા ગોપીચંદ
– ગેમચેન્જર ઓફ ધ યર – લોકેશ રાહુલ
– લિવિંગ લિજેન્ડ ઓફ ધ યર – મિલ્ખા સિંઘ

(૨) પરમાણુ શસ્રથી દુર રહેવા સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વાર એક સંધિ તૈયાર કરાઇ.
– વિશ્વને પરમાણુશસ્ર મુક્ત કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘે
  એક સંધિ તૈયાર કરી.
– સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા તૈયાર કરવામાં આવેલી આ પહેલી એવી સંધિ છે જેમાં પરમાણુ શસ્રોથી દુર રહેવા માટેની કાનુની જોગવાઈ છે.
– સંધીમાં સહી કરનારા દેશો પરમાણુ શસ્રોથી દુર રહેવા માટે કાનુની રીતે બંધાઇ જશે.
– સંયુક્ત રાષ્ટ્રસંઘ ૨૦ વર્ષથી આ સંધિ માટે પ્રયાસ કરતું હતું.
– ૧૨૦ દેશોએ આ સંધિ પર હસ્તાક્ષર કર્યા હતા.
– નેધરલેન્ડ સંધિની વિરૂદ્ધ મતદાન કર્યું હતું.
– ભારત, અમેરિકા, ચીન, પાકિસ્તાન જેવા દેશો પહેલેથી જ આ સંધિ વિરૂદ્ધ છે.
– વર્ષ ૧૯૪૫માં જાપાન પર પહેલો અને અત્યાર સુધીનો છેલ્લો પરમાણુ હુમલો થયો હતો જે અમેરિકા દ્વારા કરાયો હતો.

## 9.July. 2017

(૧) ગુરૂપૂર્ણિમા :
– અષાઢ સુદ પુનમના દિવસે ગુરૂપૂર્ણિમા ઉજવાય છે.
– આ દિવસે શિષ્ય પોતાના ગુરૂ પ્રત્યે કૃતજ્ઞતાના ભાવ વ્યક્ત કરી તેમનું પુજન કરે છે.
– અમેરિકાની અવકાશી સંસ્થા નાસાએ પણ ફૂલમૂનના અન્ય નામની સાથે ગુરૂપૂર્ણિમાનો ઉલ્લેખ કરતી ટ્વીટ કરી હતી.

(૨) અમદાવાદ વર્લ્ડ હેરિટેજ સિટી :
– યુનેસ્કો દ્વારા અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટીનો દરજ્જો આપવામાં આવ્યો.
– અમદાવાદના ઐતિહાસિક વારસાને ધ્યાનમાં રાખીને આ દરજ્જો આપવામાં આવ્યો છે.
– હેરિટેજ સિટી જાહેર થયેલ હોય એવું અમદાવાદ દેશનું પ્રથમ સિટી બન્યું છે.
– વર્ષ ૨૦૧૧ થી અમદાવાદ કોર્પોરેશન દ્વારા આ માટે પ્રયાસો શરૂ કરાયા હતા.
– પોલેન્ડના ક્રાકોવ શહેરમાં યુનેસ્કોની ૪૧મી બેઠકમાં અમદાવાદને આ દરજ્જો અપાયો હતો.

(૩) જીએસટી પર મોબાઇલ એપ :
– ૧ જુલાઇએ આખા દેશમાં જીએસટી લાગુ થયા બાદ કઇ ચીજ પર કેટલો જીએસટી લાગશે તેની જાણ કરતી મોબાઇલ એપ સરકાર દ્વારા લોન્ચ કરાઇ.
– સેન્ટ્રલ એક્સાઇઝ એન્ડ કસ્ટમ્સ દ્વારા આ એપ લોન્ચ કરાઇ હતી.
– એપમાં જણાવેલા જુદા જુદા દરોમાં ચીજવસ્તુઓને સાત કેટેગરીમાં વહેંચવામાં આવી છે. જેમાં ૦ ટકા, ૦.૨૫ ટકા, ૩ ટકા, ૫ ટકા, ૧૨ ટકા, અને ૨૮ ટકાનો સમાવેશ થાય છે.
– સેવાઓને મુખ્ય ૫ સ્લેબમાં વિભાજીત કરવામાં આવી છે. ૦,૫,૧૨,૧૮ અને ૨૮ ટકા

એપનું નામ : GST RATE FINDER

(૪) બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સ્થાપના દિવસ :
– ૯ જુલાઇ ૧૮૭૫ ના રોજ ૩૧૮ વ્યક્તિઓએ ૧ રૂપિયા ફિ સાથે વડના વૃક્ષની નીચે શેરબજારની શરૂઆત કરી હતી.
– મુંબઇ શેરબજારની સ્થાપનાને આજે ૧૪૨ વર્ષ પૂર્ણ થયા.
– ૧૯૫૬માં સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ રેગ્યુલેશન એક્ટ હેઠળ માન્યતા મળી.
– ૧૯૯૫માં ઓટોમેટેડ ટ્રેડિંગ સિસ્ટમની શરૂઆત
– ૧૯૯૭માં દેશભરમાં ફેલાયું
– ૨૦૦૧માં બી.એસ.સી. એ ડોલર લિંક્ડ વર્ઝન ડોલેક્સ ૩૦ લોન્ચ કર્યું.
– ૨૦૦૨માં બોમ્બે સ્ટોક એક્સચેન્જ કરવામાં આવ્યું.
– હાલમાં એશિયાનું સૌથી મોટું શેરબજાર તથા ૫૭૪૯ કંપનીઓ રજીસ્ટર થઇ હોવાની ગણતરીએ વિશવનું સૌથી મોટું શેરબજાર.

- પ્રતિક બુલ (સાંઢ)

## 10.July. 2017

**(૧) એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ :**

- એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ૪૪ વર્ષના ઇતિહાસમાં ભારતનો શ્રેષ્ઠ દેખાવ.
- ઓડીશાના ભૂવનેશ્વરમાં ચાર દિવસીય ૨૨ મી એશિયન એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ યોજાઇ હતી.
- આ ચેમ્પિયનશીપમાં ભારત ૧૨ ગોલ્ડ, ૫ સિલ્વર, અને ૧૨ બ્રોન્ઝ મેડલ જીતી ટોચ પર રહ્યું હતું.
- ટોપ–૫ મેડલ વિજેતા દેશ

| દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| ભારત | ૧૨ | ૫ | ૧૨ | ૨૯ |
| ચીન | ૮ | ૭ | ૫ | ૨૦ |
| કઝાકિસ્તાન | ૪ | ૨ | ૨ | ૮ |
| ઇરાન | ૪ | ૦ | ૧ | ૫ |
| વિયેતનામ | ૨ | ૧ | ૦ | ૩ |

- આ પહેલા ૧૯૮૫માં ૨૨ મેડલ જીત્યા હતા.
- ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમમાં ઓલિમ્પિક સ્તરનો ટ્રેક તૈયાર કરવામાં આવ્યો હતો.
- ભારતે કુલ ૯૫ એથ્લીટને સ્પર્ધામાં ઉતાર્યા હતા.
- ૪૫ દેશોના ૬૫૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો.
- આ પહેલા વુહાનમાં યોજાયેલી ચેમ્પિયનશીપમાં ચાર ગોલ્ડ, પાંચ સિલ્વર અને ચાર બ્રોન્ઝ સાથે ભારતે ૧૩ મેડલ જીત્યા હતા.
- ભારતે આ ત્રીજી વખત એશિયન એથ્લેટીક્સ ચેમ્પિયનશીપનું આયોજન કર્યું.
- આ પહેલા ૧૯૮૯માં દિલ્હીમાં અને ૨૦૧૩માં પુણે ખાતે આયોજન કરી ચૂક્યું છે.

**(૨) ગુજરાતમાં UDAN નો પ્રારંભ :**

- UDAN– ઉડે દેશકા આમ નાગરિક
- કેન્દ્ર સકારની ઉડાન યોજનામાં કલાક દિઠ આશરે રૂા. ૨૫૦૦ના દરે હવાઇ મુસાફરી કરી શકાશે.
- ગુજરાત સરકાર, નાગરિક ઉડ્ડયન મંત્રાલય અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના સંયુક્ત પ્રયાસથી આ યોજનાનો લાભ પોરબંદર અને કંડલાને મળશે.
- ૧૦ જુલાઇ ૨૦૧૭ થી મુંબઈ પોરબંદર અને મુંબઇ–કંડલા વચ્ચે ફલાઇટ શરૂ કરવમાં આવી.

**(૩) મધર ટેરેસાની વાદળી પટ્ટી વાળી સાડીનું પેટન્ટ રજીસ્ટ્રેશન થયું.**

- જે દિવસે મધર ટેરસાને સંતની પદવી આપી તે દિવસે ૪ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ મિશનરિઝ ઓફ ચેરિટીએ તેમની વાદળી પટ્ટી વાળી સાડીનું પેટન્ટ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.
- આ વાદળી પટ્ટીવાળી સાડીને મિશનરિઝ ઓફ ચેરિટીની બૌદ્ધિક સંપતિ તરીકે નોંધવામાં આવી છે.
- વિશ્વમાં પહેલી જ વાર યુનિફોર્મ પેટન્ટનું રજીસ્ટ્રેશન થયું.
- મૂળ અલ્બાનીયાના મધર ટેરેસા ૧૯૪૮થી કોલકત્તાની શેરીઓમાં ગરીબોના કલ્યાણ માટે કામ કરતા હતા.
- તેઓ હંમેશા વાદળી પટ્ટીવાળી સાડી પહેરતા હતા

## 11.July. 2017

**(૧) વિશ્વ વસતી દિવસ :**

**(૨) રાજ્ય સ્તરની સ્વતંત્રતા પર્વની ઉજવણી :**

- ૧૫ ઓગસ્ટ, ૨૦૧૭ આગામી રાજ્ય સ્તરની સ્વતંત્રતા પર્વની ઉજવણી વડોદરા ખાતે થશે.
- આ ઉજવણીના ભાગરૂપે વડોદરામાં સમા તળાવ ખાતે બનનારા ફલેગ પાર્કમાં ૧૫ ઓગસ્ટથી ૬૨ મીટર ઉંચાઇએ રાષ્ટ્રધ્વજ ફરકશે.
- આ રાષ્ટ્રધ્વજ રાજ્યનો સૌથી ઉંચો રાષ્ટ્રધ્વજ હશે.

**(૩) મા નર્મદા મહોત્સવ :**

- નર્મદા ડેમના દરવાજા બંધ કરવાના નિર્ણયના પગલે રાજ્ય સરકારે સમગ્ર રાજ્યમાં મા નર્મદા મહોત્સવ ઉજવવાની જાહેરાત કરી છે.
- નર્મદા મહોત્સવ હેઠળ રાજ્યના ૨૪ જિલ્લાના ૧૦ હજારથી વધુ ગામોમાં નર્મદા રથ ફરશે.
- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આ મહોત્સવ માટેની ખાસ વેબસાઇટનું ગાંધીનગરમાં લોન્ચિંગ કર્યું હતું.
- www.narmadamahotsav.gujarat.gov.in
- ૧ થી ૫ ઓગસ્ટ દરમિયાન યોજાનાર આ મહોત્સવમાં રક્તદાન કેમ્પ પણ હશે.
- વિવિધ સ્પર્ધા પણ હશે જેમાં ત્રણ કેટેગરીમાં વિભાજીત કરાયા છે.
  (૧) ધોરણ ૧૦ સુધી
  (૨) ધોરણ ૧૧ થી કોલેજ કે યુનિવર્સિટી
  (૩) આ સિવાયના અન્ય નાગરિક
- આ ત્રણ કેટેગરીમાં મા નર્મદા અને સરદાર સરોવર બંધ વિષય ઉપર સ્પર્ધાઓ યોજાશે જે મુદ્દા નીચે મુજબ છે.
  – કવિતાલેખ
  – નિબંધ લેખ
  – સુત્ર (સ્લોગન) લેખન
  – નર્મદાના નીરથી થયેલ લાભોની સાફલ્ય ગાથાઓ.
  –એક મિનિટની મોબાઇલ ફિલ્મ નિર્માણ
- તમામ શ્રેણીના પ્રથમ, દ્વિતિય અને તૃતીય સ્થાન મેળવનારને અનુક્રમે ૨૫ હજાર, ૧૫ હજર અને ૧૦ હજાર ઇનામ આપવામાં આવશે.
- સ્પર્ધામાં ભાગ લેવા ૨૫ જુલાઇ ૨૦૧૭ સુધીમાં વેબસાઇટ પર ઓનલાઇન રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

**(૪) બાળ ફિલ્મોત્સવ :**

- ગુજરાત સરકાર દ્વારા બે વર્ષ બાદ ફરી બાળ ફિલ્મોત્સવનો પ્રારંભ કરાયો.
- ૧૦ જુલાઇ થી ૧૫ જુલાઇ દરમિયાન આ ફિલ્મોત્સવ ચાલશે.
- ધો. ૬ થી ૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને દરરોજ પ્રેરણાદાયી ફિલ્મ બતાવવામાં આવશે જેમાં

Vivekanand Academy Gandhinagar

'આઇ એમ કલામ' 'સ્ટેનલી કા ડબ્બા' વગેરે ફિલ્મોનો સમાવેશ થાય છે.

(૫) ઓસ્ટ્રિયન ગ્રાન્ડ પ્રિક્સ ફોર્મ્યુલા -૧ રેસ :

- વિજેતા વાલ્ટેરી બોટાસ (મર્સિડિઝ ડ્રાઇવર)
- બીજા ક્રમે ફરારીનો જર્મન રેસર સેબેસ્ટીયન વેટલ રહ્યો હતો.

## 12.July. 2017

(૧) રવિશાસ્ત્રી :

- ભારતીય ટીમના મુખ્યકોચ તરીકે રવિશાસ્ત્રીની નિમણૂંક કરવામાં આવી.
- તેમને બે વર્ષ માટે કોચ બનાવાયા છે.
- તેઓ આગામી ૨૦૧૯માં યોજાનારા વર્લ્ડકપ સુધી ટીમના કોચપદે રહેશે.
- આ ઉપરાંત ભારતના ઝડપી બોલર ઝહીર ખાનને બોલિંગ કોચ બનાવાયો છે
- જ્યારે ભારતીય ટીમ વિદેશ પ્રવાસે હોય ત્યારે રાહુલ દ્રવિડ બેટીંગ કોચની જવાબદારી સંભાળશે.

(૨) પ્રો-કબડ્ડી લીગ : સીઝડ 5 :

- પ્રો. કબડ્ડી લીગની પાંચમી સીઝનમાં આ વખતે ગુજરાતની ટીમ ભાગ લઇ રહી છે.
- ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટસ ટીમ
- ગુજરાત ફોર્ચ્યુન જાયન્ટ્સ ટીમ હાલમાં જર્સી લોન્ચ કરી હતી.
- ટીમના માલિક : અદાણી ગ્રુપ
- ટીમના કોચ : નીર ગુલીયા
- ટીમના કેપ્ટન : સુકેશ હેગડે

## 13.July. 2017

(૧) 'ધ મેકીંગ ઓફ લિજેન્ડ'

- વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવન વિશે લખાયેલ પુસ્તક – 'ધ મેકીંગ ઓફ લિજેન્ડ'
- પુસ્તકના લેખક– બિંદેશ્વરી પાઠક
- પુસ્તકના લેખક – બિંદેશ્વરી પાઠક
- બિંદેશ્વરી પાઠક – સુલભ ઇન્ટરનેશનલના સંસ્થાપક છે.
- આ પુસ્તકનું વિમોચન દિલ્હી ખાતે માવલંકર હોલ ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંચાલન મોહન ભાગવતે કર્યું હતું.

(૨) પંકજ પટેલ કેડીલાનું MD પદ છોડ્યું :

- દવા ઉત્પાદક કંપની કેડીલા હેલ્થકેરના MD પદેથી પંકજ પટેલે રાજીનામું આપ્યું.
- તેમના સ્થાને હવે તેમના પુત્ર શર્વિલ પટેલ MD પદ સંભાળશે.

(૩) મિતાલી રાજ : ભારતીય મહીલા ક્રિકેટ ટીમ કેપ્ટન :

- વન ડે ક્રિકેટમાં ૬ હજાર રન બનાવનારી વિશ્વની પ્રથમ મહિલા ખેલાડી.
- મહિલા વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં તેમણે આ કિર્તિમાન સ્થાપ્યો હતો.
- આ સાથે તેણે ઇંગ્લેન્ડની ચાર્લોટ એડવર્ડ્સને પાછળ છોડી તેના ૫૯૯૨ રનનો રેકોર્ડ તોડ્યો હતો.
- મિતાલી રાજ વન ડે ક્રિકેટમાં અત્યાર સુધીમાં સર્વાધીક ૪૯ ફિફ્ટી ફટકારી ચૂકી છે.
- સતત સાત અર્ધી સદીનો રેકોર્ડ પણ તેના નામે જ છે.
- તેણે ૨૬ જૂન ૧૯૯૯માં ૧૬ વર્ષ અને ૨૦૫ દિવસની ઉંમરે આયર્લેન્ડ સામેની વનડે મેચ દ્વારા વનડે ઇન્ટરનેશનલ પદાર્પણ કર્યું હતું.
- પોતાની પ્રથમ મેચમાં જ સૌથી નાની ઉંમરે સદી ફટકારવામાં પણ તેનો રેકોર્ડ છે.
- તે ભારતીય મહિલા ક્રિકેટની 'તેંડુકર' તરીકે જાણીતી છે.
- ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૩માં અર્જુન એવોર્ડ તથા વર્ષ ૨૦૧૫માં તેને પદ્મશ્રી એવોર્ડથી નવાજવામાં આવી હતી.

## 14.July. 2017

(૧) સુભાષચંદ્ર ગર્ગ :

- આઇએએસ અધિકારી સુભાષચંદ્ર ગર્ગ નાણાંમંત્રાલયના આર્થિક બાબતોના સચિવ નિમાયા.
- ગર્ગ અગાઉ વોશિંગ્ટન વિશ્વબેંકના કાર્યકારી નિર્દેશક હતા.
- તેઓ ૧૯૮૩ બેચના રાજસ્થાન કેડરના આઇએઅસ અધિકારી છે.
- તેઓ હવે શક્તિકાંતા દાસનું સ્થાન લેશે.

(૨) આતંકવાદ સામે લડવા ભારતે ફિલિપાઇન્સને મદદ કરી.

- આઇએસના આતંકીઓ સામે લડવા ભારતે એશિયાઇ દેશ ફિલિપાઇન્સને મદદ કરી.
- ફિલીપાઇન્સના મારાવી શહેરમાં આઇએસ અને સેના વચ્ચે જંગ ચાલી રહ્યો છે. જેમાં ૯૦ સૈનિકો અને ૩૮૦ આતંકીઓના મોત થયા છે.
- ફિલિપાઇન્સની સેનાને મદદ કરવા ભારતે ૩.૨ કરોડની મદદ કરી.

(૩) તેજસ બાકરે : ચેસ :

- ગુજરાતના સૌપ્રથમ ગ્રાન્ડ માસ્ટર તેજસ બાકરેએ કોમનવેલ્થમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.
- દિલ્હી ખાતે યોજાયેલી કોમનવેલ્થ ચેસ ચેમ્પિયનશીપમાં જુદા જુદા દેશોના ૧૦૦ થી વધુ ખેલાડીઓ ભાગ લીધો હતો.
- કોમનવેલ્થની ઓપન કેટેગરીમાં મેડલ જીતનારો તેજસ સૌપ્રથમ ગુજરાતી બન્યો.
- તેજસ ગુજરાતનો સૌપ્રથમ નેશનલ ચેમ્પિયન એશિયન ચેમ્પિયન, વર્લ્ડ યુથ ચેમ્પિયન, ઇન્ટરનેશનલ માસ્ટર અને ઇન્ટરનેશનલ ગ્રાન્ડ માસ્ટર રહી ચૂક્યો છે.

## 15.July. 2017

(૧) ભારતની સૌપ્રથમ સૌર સંચાલિત ડેમુ ટ્રેન :

- ભારતીય રેલવે દ્વારા છત પર સોલર પેનલ લગાવેલી સૌપ્રથમ ડેમુ ટ્રેનનો આરંભ થયો.

Vivekanand Academy Gandhinagar

- ડેમુ : ડીઝલ ઇલેક્ટ્રિક મલ્ટીપલ યુનિટ
- રેલવે પ્રધાન સુરેશ પ્રભુએ દિલ્હીના સફદરગંજ
- રેલવે સ્ટેશનથી શરૂઆત કરાવી હતી.

(૨) ભારતીય સંશોધકોએ ૪૩ ગેલેક્સીનું ઝુંડ શોધ્યું :

- ભારતીય સંશોધકોએ બ્રહ્માંડમાં અત્યંત મહત્વપૂર્ણ કહી શકાય એવી એક સાથે ૪૩ ગેલેક્સી (આકાશગંગા)ના ઝૂમખાની શોધ કરી.
- વિજ્ઞાનીઓએ આ ઝૂમખાને સરસ્વતી નામ આપ્યું છે.
- પુના ખાતે આવેલા ઇન્ટર યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સના સંશોધકોએ આ સિદ્ધિ હાંસલ કરી હતી.
- બ્રહ્માંડમાં મળી આવેલા સૌથી મોટા ગેલેક્સી સમૂહમાં આ શોધનો સમાવેશ થાય છે.
- આકાશગંગાનો આ સમૂહ ૪ અબજ પ્રકાશ વર્ષ દૂર આવેલો છે.
- સરસ્વતી નામકરણ પામેલા આ સમુહની પહોળાઇ ૬૦ કરોડ પ્રકાશવર્ષ જેટલી છે.

(૩) પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના :

- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત ૨.૫ કરોડ એલપીજી કનેક્શન વહેંચાયા.
- પશ્ચિમ બંગાળના જંગીપુર ખાતે એક કાર્યક્રમમાં વડાપ્રધાન અને રાષ્ટ્રપતિની હાજરીમાં આ આંકડો પાર પડ્યો હતો.

## 16.July. 2017

(૧) ૬૮ મો વનમહોત્સવ :

- સરકાર દ્વારા ૬૮માં વનમહોત્સવનો પ્રારંભ ૧૬ જુલાઇ ૨૦૧૭ ના રોજ કરવામાં આવ્યો.
- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીના હસ્તે વિરાંજલી વનનું લોકાર્પણ કરવામાં આવ્યું.
- આ વીરાંજલિવન સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના પાલ ગામે આવેલું છે.
- ૭ માર્ચ, ૧૯૨૨ ના રોજ અંગ્રેજો સામેની લડાઇમાં ૨૨૦૦ આદિવાસીઓ શહીદ થયા હતા.
- વિરાંજલિવન પાલદઢવાવના શહીદોને રાજ્ય સરકારની શ્રદ્ધાંજલી છે.
- મુખ્ય વન મહોત્સવ પાલ ગામે થશે. ત્યારબાદ ૨૦ જુલાઇના રોજ તમામ જિલ્લા મથકે યોજાશે.
- મુખ્યમંત્રીશ્રીએ પર્યાવરણના જતન માટે ૧૦ કરોડ વૃક્ષો વાવવાનું આહ્વાન કર્યું હતું.

વિરાંજલિ વન :

- પાલ ગામના ગૌચરમાં ૫.૮ હેક્ટરમાં આ વન ઉભુ કરાયું છે.
- વનમાં ૧.૦૮ લાખ રોપા વૃક્ષ છોડનું વાવેતર કરાયું છે.
- વનના પ્રવેશ દ્વારની નજીક બહારની બાજુએ ૨૨૫ વર્ષથી વધુ ઉંમરનું રૂખડો વૃક્ષ ઉભુ છે. જે રાજ્યના ૫૦ હેરિટેજ વૃક્ષમાંનું એક છે.
- અંદરના ભાગે ભીલ ક્રાંતિના પ્રણેતા મોતીલાલ તેજાવતનું વિશાળ કદનું સ્ટેચ્યું આવેલું છે.

(૨) મિસ્ટર કબાડી' ઓમપુરી અભિનિતિ ફિલ્મ :

- દિવંગત અભિનેતા ઓમપુરીના નિધન બાદ તેમની ફિલ્મ મિસ્ટર કબાડી ઓગસ્ટ–૨૦૧૭માં રિલિઝ થાશે.

(૩) લીલીસિંહ :

- ભારતીય મૂળની કેનેડિયન યુટયુબ સ્ટાર લીલીસિંહને યુનિસેફ ગ્લોબલ ગુડવિલ એમ્બેસેડર બનાવાઈ
- લીલીસિંહ યુટ્યુબસ્ટાર છે અને તેના યુટયુબ ચેનલ પર ૧.૨ કરોડ સબસ્ક્રાઇબર છે.
- લીલીસિંહ યુટ્યુબ દ્વારા બાળકોના હિતોની વાતો કરશે.

(૪) આર્યમાન ટંડન : બેડમિન્ટન ખેલાડી

- ગુજરાતના બેડમિન્ટન ખેલાડી આર્યમાન ટંડને ઓલ ઇન્ડિયા અંડર–૧૯ બેડમિન્ટન ચેમ્પિયનશીપ જીતી લીધી.
- આ ચેમ્પિયનશીપ જોધપુરમાં યોજાઇ હતી.
- આર્યમાન ટંડનનું આ કારકીર્દિનું પ્રથમ નેશનલ ટાઇટલ છે.
- ફાઇનલમાં તેણે મહારાષ્ટ્રના અમન ફરાધને પરાજય આપ્યો હતો.

## 17.July. 2017

(૧) વર્લ્ડ ઇમોજી ડે :

- તાજેતરમાં તુર્કી અને ઇટાલિયન પુરાતત્વશાસ્ત્રીઓની એક ટીમે તુર્કીના એક પૌરાણિક શહેર કારકામીસમાં વિશ્વનું સૌથી જૂનુ ઇમોજી શોધી કાઢ્યું.
- ખોદકામ દરમિયાન એક કુંજો મળી આવ્યો હતો. જેના પર એક સ્માઇલી ચહેરાવાળુ ઇમોજી દોરેલું જોવા મળે છે.
- આ કુંજો ઇસુ પહેલાના ૧૭૦૦ વર્ષ પહેલાનો હોય એવું મનાય છે.

(૨) વિમ્બલ્ડન ચેમ્પિયનશીપ – ટેનિસ :

- વર્ષનું બીજું ગ્રાન્ડસ્લેમ વિમ્બલ્ડન ચેમ્પિયનશીપણ પૂર્ણ થઇ.
- મેન્સ સિંગલ્સ વિજેતા : રોજર ફેડરર, સ્વિત્ઝર્લેન્ડ
- વિમ્બલ્ડનના ૧૪૦ વર્ષના ઇતિહાસમાં ૮ મેન્સ સિંગલસ ટાઇટલ જીતનાર ફેડરર પ્રથમ ખેલાડી બન્યો.
- ફેડરરનું આ કારકીર્દિનું ૧૯ મું ગ્રાન્ડસ્લેમ ટાઇટલ હતું.
- વિમેન્સ સિંગલસ વિજેતા : ગાર્બાઇન મુગુરૂઝા, સ્પેન
- રનર્સ અપ : વિનસ વિલિયમ્સ, અમેરિકા
- મુગુરુઝાની કારકિર્દીનું આ બીજું ગ્રાન્ડસ્લેમ છે.
- આ પહેલા મુગુરૂઝાએ ગત વર્ષે ફ્રેન્ચ ઓપનની ફાઇનલમાં સેરેના વિલિયમ્સને હરાવી જીત્યું હતું.
- મેન્સ ડબલ્સ વિજેતા : લુકાસ કુબોટ – પોલેન્ડ એન્ડ માર્સેલો મેલો– બ્રાઝિલ
- રનર્સ અપ : ઓલિવર મરાચ – ઓસ્ટ્રેલિ
- મેટ પાવિચ – ક્રોએશિયા
- વિમેન્સ ડબલ્સ વિજેતા : એક્ટેરિના મેકેરોવા, રશિયા એન્ડ એલિના વેસનિના, રશિયા

Vivekanand Academy Gandhinagar

- રનર્સ અપ : હાઓ ચિંગ યાન તાઇવાન એન્ડ મોનિકા નિકોલસ્કુ રોમાનિયા

(૩) **હરિંદર પાલ સંધૂ : સ્કવોશ :**

- ભારતના સ્કવોશ ખેલાડી હરિંદરપાલ સંધુએ મેલબોર્નમાં યોજાયેલી વિક્ટોરીયા ઓપન સ્કવોશ ચેમ્પિયનશીપ જીતી લીધી.
- તેણે ફાઇનલમાં ઓસ્ટ્રેલિયાના રેક્સ હેડ્રિકને પરાજય આપ્યો હતો.
- સંધૂનું આ સતત બીજું ટાઇટલ છે.
- ગત અઠવાડિયે તેણે સાઉથ ઓસ્ટ્રેલિયન ઓપનનું ટાઇટલ પણ જીત્યું હતું.

(૪) **બ્રિટિશ ગ્રાં.પી. એફ–૧ રેસ**

- વિજેતા : મર્સીડીઝ ડ્રાઇવર લુઇસ હેમિલ્ટન
- હેમિલ્ટન સતત ચોથી અને કુલ પાંચમી વખત બ્રિટિશ ગ્રાં.પ્રી. માં ચેમ્પિયન બન્યો હતો.

(૫) **પ્રો. કબડ્ડીની ઇનામી રકમમાં વધારો થયો :**

- પ્રો. કબડ્ડી લીગીની પાંચમી સિઝનની ઇનામી રકમમાં બે ગણો વધારો થયો.
- વિજેતા ટીમને રૂા. ૩ કરોડ રનર્સ અપ ટીમને રૂા ૧ કરોડ અને ૮૦ લાખ અને ત્રીજા સ્થાને રહેનાર ટીમને રૂા. ૧ કરોડ અને ૨૦ લાખ મળશે.

## 18.July. 2017

(૧) **શ્રમિક અન્નપૂર્ણા યોજના :**

- રાજ્યમાં બાંધકામ સાથે સંકળાયેલા શ્રમિકો અને તેમના પરિવારજનો રૂા. ૧૦માં પૌષ્ટિક ભોજન આપવાની અન્નપૂર્ણા યોજનાનો પ્રારંભ થયો.
- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા અમદાવાદ યુનિવર્સિટી કન્વેન્શનલ સેન્ટર ખાતેથી આ યોજનાનો શુભારંભ થયો.
- રાજ્ય સરકાર હસ્તકના બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હેટળ નોંધાયેલા ૫.૬૬ લાખ જેટલા શ્રમિકોને આ યોજનાનો લાભ મળશે.
- પ્રાથમિક તબક્કે રાજ્યના ૮ શહેરોમાં આ યોજના શરૂ કરાઇ છે.
- અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, કલોલ, વલસાડ
- આ યોજના માટે સરકારે રૂા. ૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે.
- શ્રમિકોને માત્ર ૧૦ રૂપિયામાં રોજ ૬ રોટલી અથવા થેપલા શાક, ભાત, પુલાવ, મરચા, ચટણી, અથાણું અને અઠવાડિયામાં એકવાર સુખડીનું ભોજન પુરૂ પાડવામાં આવશે.
- આ યોજના માટે અક્ષયપાત્ર અને સ્ત્રી શક્તિ એમ બે સંસ્થાને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે.
- રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રી – દિલીપ ઠાકોર

(૨) **માર્ટિન લેન્ડ – હોલિવુડ અભિનેતા :**

- હોલિવુડના પ્રખ્યાત અભિનેતા માર્ટિન લેન્ડનું અવસાન.
- ૧૯૬૦ના દાયકમાં ટેલિવિઝન સિરિઝ ‘મિશન : ઇમ્પોસીબલમાં અભિનય કર્યો હતો.
- ૧૯૯૪માં આવેલી હોલીવુડ ફિલ્મ ઇડ વુડમાં અભિયન બદલ તેમને બેસ્ટ સર્પોર્ટીંગ એક્ટર ઓસ્કાર મળ્યો હતો.

(૩) **નાયડા ગુફા : દીવ :**

- દીવની નાયડા ગુફાનું મહત્વ જળવાઇ રહે તે માટે તેને રાજ્યકક્ષા સ્મારક જાહેર કરવામાં આવી છે.
- કોઇપણ સ્મારકની મહત્તા અકબંધ રાખવા માટે આસપાસના વિસ્તારોમાં બાંધકામ ન થાય તે અંત્યત આવશ્યક છે.
- નાયડા ગુફાને સ્ટેટ લેવલ મોન્યુમેન્ટ જાહેર કર્યા બાદ હવે તેની આસપાસ બાંધકામ કરનારે તંત્ર પાસેથી એનઓસી મેળવવાનું રહેશે.

## 19.July. 2017

(૧) **ગીર ગાયના સંવર્ધન માટે ભૂતવડામાં ફ્રોઝન સિમેન કેન્દ્ર બનશે.**

- પશુપાલકોને શુદ્ધ ગીરગાયની નસ્લ મળી રહે તે માટે રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાન ભૂતવડ ગામે ફ્રોઝન સિમેન કેન્દ્ર ઉભુ કરાશે.
- ૧૬ કરોડના ખર્ચે બનનાર આ કેન્દ્ર ૧૦૦ વિઘા જમીનમા હશે.
- આ કેન્દ્ર પર માત્ર ગીર ગાય પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.
- સ્ટેટ ફ્રોઝન સિમેન પ્રોડક્શન એડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ પાટણ ખાતે આવેલ છે. જ્યાં ગીર, કાંકરેજ ગાય મહેસાણી, સુરતી, જાફરાબાદી અને બન્ની ભેંસ તથા એચએફ અને જર્સી શુદ્ધ અને શંકર ઓલાદના સાંઢ, પાડા રાખવામાં આવે છે.
- ભૂતવડ ખાતે આ કેન્દ્ર શરૂ થતાં ૧૦૦ ટકા કૃત્રિમ બિજદાનથી શુદ્ધ નસ્લની ગીર ગાયનું સંવર્ધન થઇ શકશે.

(૨) **ભારતીય ક્રિકેટ ટીમ માટે નવી નિમણૂંક :**

- ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ માટે શાસ્ત્રીની જાહેરાત થયા બાદ અન્ય સહાયક નવા બોલીંગ કોચના જાહેરાત થઇ જે નીચે મુજબ છે.
- બોલિંગ કોચ – ભરત અરૂણ
- સહાયક કોચ – સંજય બાંગર
- ફિલ્ડીંગ કોચ – આર શ્રીધર
- વિદેશમાં બોલીંગ કોચ – ઝહિર ખાન
- વિદેશમાં બેટીંગ કોચ – રાહુલ દ્રવિડ

(૩) **ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર :**

- ઓગસ્ટ ૨૦૧૭માં ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી યોજાવાની છે.
- એનડીએ ના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે વૈંકેયા નાયડુએ ઉમેદવારી પત્ર ભર્યું.
- જ્યારે વિપક્ષના ઉમેદવાર તરીકે ગોપાલકૃષ્ણ ગાંધીએ ઉમેદવારી પત્ર ભર્યું છે.

**નાયડુનું મંત્રીપદેથી રાજીનામું :**

- ઉપરાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી પત્ર ભર્યા બાદ નાયડુએ કેન્દ્રીય માહિતી પ્રસારણ અને શહેરી વિકાસ મંત્રી પદેથી રાજીનામું આપ્યું.
- ભાજપના કાર્યકર પદે થી પણ રાજીનામું આપ્યું.

- તેઓ હાલમાં રાજ્યસભાના સભ્યપદે ચાલુ રહેશે.
- પરંતુ ઉપરાષ્ટ્રપતિ ચૂંટાઇ આવ્યા બાદ સાંસદ પદેથી રાજીનામું આપશે.
- મંત્રી પદેથી રાજીનામું આપતા કેન્દ્રી માહિતી પ્રસારણ નો હવાલો સ્મૃતિ ઇરાનીને સોંપાયો છે.
- જ્યારે શહેરી વિકાસનો હવાલો નરેન્દ્રસિંહ તોમરને સોંપવામાં આવ્યો છે.

## 20.July. 2017

**(૧) બાળ ન્યાય અધિનિયમ : ૨૦૧૫ :**
- ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી દ્વારા બાળ ન્યાય અધિનિયમ, ૨૦૧૫ હેઠળ બાળકોની ઓળખ છતી કરવા સામે પ્રતિબંધ મૂકાયો.
- બાળ ન્યાય અધિનિયમ, ૨૦૧૫ ની કલમ–૭૪ (૧) હેઠળ કોઇપણ અખબાર, સામયિક, ફેસબુક, વોટ્સઅપ ટ્વીટર કે અન્ય માધ્યમોમાં ઘર વિહોણા, મજુર કરતાં, ભીખ માંગતાં, અનાથ, માનસિક બિમારી, બાળલગ્ન કરાવેલ ગુનાનો ભોગ બનેલ બાળકો અથવા સંસ્થાઓમાં આશ્રય લેતા હોય તેવા બાળકોની ઓળખાણ છતી કરવા પ્રતિબંધ ફરમાવેલ છે.
- જો બાળકની પ્રસિધ્ધ બાળકના હિતમાય હોય તો ડિસ્ટ્રી ચાઇલ્ડ વેલફેર કમિટી અને જુવેનાઇલ જસ્ટિસ બોર્ડ (જેજેબી)ની પરવાનગી મેળવ્યા પછી જ કરી શકાશે.
- આ અધિનિયમ હેઠળ કોઇપણ વ્યક્તિ કલમ ૭૪(૧) ની જોગવાઈઓનું ઉલ્લઘંન કરશે તો તે છ મહિના સુધીની કેદની સજા અથવા બે લાખ રૂપિયા સુધીનો દંડ અથવા બંનેની સજાને પાત્ર ઠરશે.

**(૨) સુરભિ ચાવડા – ગુજરાતી પર્વતારોહક :**
- તાજેતરમાં આઇએમએફ ઇન્ડિયન માઉન્ટેન નીયરીંગ ફાઇન્ડેશન દ્વારા મેડીકલ એક્સપીડીશનના ભાગરૂપે પર્વતારોહણ ટ્રેનીંગ યોજાઈ હતી.
- આ ટ્રેનિંગમાં ઉત્તરાખંડના ગંગોત્રી શિખર સર કરવાનું હતું જે ૬૧૮૦ મીટર ઉંચાઇ પર આવેલું છે.
- આ માટે સમગ્ર ભારતમાંથી ૨૧ પર્વતારોહીઓની પસંદગી થઇ હતી.
- ૨૧ પૈકી ૩ યુવતીઓએ ભાગ લીધો હતો જેમાં ગુજરાતની સૂરભી ચાવડાનો પણ સમાવેશ થાય છે.

**(3) પોષણ સુધા યોજના :**
- રાજ્યની મહિલાઓને પોષણક્ષમ આહાર પુરો પાડવા માટે રાજ્ય સરકારે પોષણ સુધા યોજના લોંચ કરી .
- યોજના અંતર્ગત તમામ સગર્ભા અને ધાત્રી માતાઓને આંગણવાડી કેન્દ્રો ઉપર રોજ એકવાર પોષણક્ષમ ભોજન આપવામાં આવશે.
- પાઇલટ પ્રોજેક્ટ તરીકે ૫ જિલ્લામાં આ યોજનાનો આરંભ થયો.
  વલસાડ, છોટાઉદેપુર, મહિસાગર, નર્મદા, દાહોદ
- આ પાંચેય જિલ્લાઓમાં ૫૪૧૪ જેટલી સગર્ભાઓને પોષણક્ષમ ભોજન અપાઇ રહ્યું છે. તથા તમામને એક કિલો સુખડીનું પેકેટ પણ અપાયું છે.

**(૪) ટીઆર જેલિયાંગ :**
- નાગાલેન્ડના નવા મુખ્યમંત્રી
- નાગાલેન્ડના મુખ્યમંત્રછી શુરહોજેલી લીજિત્સુની સરકાર બહુમત ન સાબિત કરી શકતા સરકાર બરતફ્ર કરી દીધી.
- નાગા પીપલ્સ ફ્ન્ટના ટીઆર જેલિયાંગ નવા મુખ્યમંત્રી બન્યા.

**(૫) તેલંગણા સરકારે બાળકોના દફતરનું વજન ૫ કિલોથી વધુ ન રાખવા નિર્ણય કર્યો :**
- ભણતરના ભાર કરતા દફતરના ભાર થકી થાકી જતા બાળકો માટે તેલંગણા સરકારે એક સરસ નિર્ણય કર્યો.
- સરકારે દરેક બાળકના (ધોરણ–૧ થી ૫) ના દફતરનું વજન દોઢ થી પાંચ કિલો રાખવા નિર્ણય કર્યો.
- સરકારી ઓર્ડર મુજબ નોટબુક અને પુસ્તકોનું વજન પહેલા બીજા ધોરણ માટે દોઢ કિલોથી વધારે ન હોવું જોઇએ.
- ત્રીજા અને ચોથા ધોરણ માટે દોઢ થી ૩ કિલો અને પાંચમાં ધોરણ માટે મહત્તમ ૫ કિલો વજન હોવું જોઇએ.

**(૬) યુએસ ઓપનની ઇનામી રકમમાં વધારો : ટેનિસ**
- વર્ષના ચોથા અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ યુએસ ઓપનની ઇનામી રકમમાં વધારો કરવામાં આવ્યો.
- આ વખતે ઇનામી રકમ ૫ કરોડ ડોલરને પાર પહોંચી ગઇ છે.
- અત્યાર સુધીમાં ટેનિસના ગ્રાન્ડ સ્લેમ ઇતિહાસમાં આનાથી વધુ રકમ ક્યારેય આપવામાં આવી નથી.
- મેન્સ અને વિમેન્સ સિંગલ્સ વિજેતાઓને ૩.૭ મિલિયન ડોલર જ્યારે રનર્સ અપને ૧.૮ મિલિયન ડોલર આપવામાં આવશે.

## 21.July. 2017

**(૧) પોખરણમાં હોવિત્ઝર તોપનું પરિક્ષણ :**
- ૩૦ વર્ષના સમયાગાળા પછી આર્મીએ લાંબા અંતર સુધી પ્રહાર ક્ષમતા ધરાવતી બે અલ્ટ્રાલાઇટ હોવિત્ઝર તોપનું પરિક્ષણ કરવામાં આવ્યું.
- આ એમ–૭૭૭ એ–૨ હોવિત્ઝર તોપોના પરિક્ષણનો ગોળા ફેંકવાની સ્પિડ, ફ્રિક્વન્સી અને ટ્રેજક્ટિરીને લગતા ડેટા ભેગા કરવાનો છે.
- આ પરિક્ષણ પોખરણ ખાતે કરવામાં આવ્યું હતું.
- આ તોપ ૧૫૫ મિલીમીટર અને ૩૯ કેલિબરનું માપ ધરાવે છે.
- ભારતે રૂા. ૫ હજાર કરોડમાં અમેરિકા પાસેથી ૧૪૫ હોવિત્ઝર તોપ ખરીદવા ગયા વર્ષે નવેમ્બરમાં કરાર કર્યો હતો.
- સપ્ટેમ્બર ૨૦૧૮માં આર્મીને તાલીમ અને પરિક્ષણ માટે વધુ ત્રણ તોપ આપવામાં આવશે.

Vivekanand Academy Gandhinagar

- આ પછી માર્ચ ૨૦૧૯ થી એમરિકા દર મહીને ભારતને પાંચ તોપો પહોંચાડશે.
- ૨૦૨૧ના મધ્યમાં આ કરાર સંપૂર્ણપણે પૂરો કરવામાં આવશે.
- મેક ઇન ઇન્ડિયા હેઠળ ૨૫ હોવિત્ઝર તોપના સાધન સંરજામ ભારતમાં લાવવામાં આવશે, જેનું મહિન્દ્રા ડિફેન્સમાં એસેમ્બિલંગ કરવામાં આવશે.
- પરિક્ષણ થઇ ગયા પછી આ તોપો હિમાલયના સરહદી વિસ્તારોમાં ખડકવામાં આવશે.

**(૨) શૌર્ય સ્મારક :**

- રાષ્ટ્રની સુરક્ષામાં બલિદાન આપવા વાળા શહીદોની યાદમાં મધ્યપ્રદેશના ભોપાલમાં શૌર્ય સ્મારક બનાવવામાં આવ્યું.
- ભોપાલમાં આવેલ ચીનાર પાર્કની બાજુમાં ૧૨.૬૧ એકર જમીનમાં આ સ્મારક બનાવવામાં આવ્યું છે.
- અંદાજીત ખર્ચ : ૪૧ કરોડ
  ઉંચાઇ : ૬૨ ફૂટ
- લાલ રંગથી સજાવેલ આ સ્તંભમાં હિન્દી અને અંગ્રેજી બંને ભાષામાં શૌર્ય ગાથા વર્ણવેલી હશે જેથી ભારતીય અને વિદેશી પર્યટકો શુરવીરોની શૌર્ય ગાથા જાણી શકે.

**(૩) રામનાથ કોવિંદ ભારતના ૧૪માં રાષ્ટ્રપતિ :**

- દેશના ૧૪માં રાષ્ટ્રપતિ માટે ૧૭ જુલાઇના રોજ ચૂંટણી યોજાઇ હતી.
- દેશના સાંસદો અને ધારાસભ્યો દ્વારા મતદાન થયું હતું.
- આ ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળના ગઠબંધનના ઉમેદવાર રામનાથ કોવિંદ ૬૫.૬૫ ટકા મત સાથે ભારતના ૧૪માં રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઇ આવ્યા.
- તેમણે મીરાકુમારને પરાજિત કર્યા હતા. મિરાકુમારને ૩૪.૩૫ ટકા મત મળ્યા હતા.
- રામનાથ કોવિંદને ૭,૦૨,૦૪૪ મૂલ્યના ૨૯૩૦ મત અને મીરાંકુમારને ૩,૬૭,૩૧૪ મૂલ્યના ૧૮૪૪ મત મળ્યા હતા.
- ૭૭ મત અયોગ્ય ઠરવાયા હતા.
- રામનાથ કોવિંદને ૫૨૨ અને મીરાંકુમારને ૨૨૫ સાંસદોના મત મળ્યા હતા.
- તથા કુલ ૪૧૦૯ ધારાસભ્યો પૈકી ૨૪૦૮ રામનાથ કોવિંદના સમર્થનમાં જ્યારે ૧૬૧૯ ધારાસભ્યોએ મીરાકુમારના સમર્થનમાં મતદાન કર્યું હતું.
- પ્રથમવાર ભાજપમાંથી કોઇ આ પદ માટે ચૂંટાઇ આવ્યા.

**(૪) મહિલા ક્રિકેટ વર્લ્ડકપ :**

- ઇંગ્લેન્ડ ખાતે યોજાયેલ મહિલા ક્રિકેટ વર્લ્ડકપની સેમીફાઇનલમાં ભારતીય ટીમે ઓસ્ટ્રેલિયાને પરાજય આપી ફાઇનલમાં પ્રવેશ કર્યો.
- આ મેચમાં ભારતના હરમનપ્રીત કૌરએ માત્ર ૧૧૫ બોલમાં અણનમ ૧૭૧ રન ફટકાર્યા હતા.

## 22.July. 2017

**(૧) રાષ્ટ્રીય ઝંડા અંગિકરણ દિવસ :**

- ૧૯૪૭ની ૨૨મી જૂલાઇએ વર્તમાન રાષ્ટ્રધ્વજને સ્વિકૃતિ અપાઇ હતી.
- આ રાષ્ટ્રધ્વજની ડિઝાઇન આઝાદીના લડવૈયા પિંગલી વૈંકેયાએ તૈયાર કરી હતી.

**(૨) વિજય યાદવ : ભારત 'એ' ના ફિલ્ડીંગ કોચ**

- બીસીસીઆઇ એ ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ વિકેટ કિપર બેટ્સમેન વિજય યાદવની દક્ષિણ આફ્રિકાના પ્રવાસ માટે ભારત 'એ' ટીમના ફિલ્ડીંગ કોચ પદે નિમણૂંક કરી.
- હરિયાણાના આ પૂર્વ ક્રિકેટર ૧૯૯૨–૯૩ ના સમયમાં ભારત માટે ૧ ટેસ્ટમેચ અને ૧૯ વન–ડે મેચ રમી ચૂક્યા છે.
- તેમણે દક્ષિણ આફ્રિકા સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું.

**(૩) સુબ્રમણ્યમ બદ્રીનાથ – ક્રિકેટર :**

- ભારતીય ક્રિકેટર સુબ્રમણ્યમ બદ્રીનાથે પ્રથમ શ્રેણી ક્રિકેટમાંથી પોતાની નિવૃત્તી જાહેર કરી.
- લાંબા સમયથી પ્રથમ શ્રેણી ક્રિકેટ રમતાં બદ્રીનાથે પ્રથમ શ્રેણીમાં ૧૦૦૦૦ કરતા વધુ રન બનાવ્યા છે.
- આઇપીએલ માં તે ધોનીની ચેન્નાઇ સુપરકિંગ્સ તથા કોહલીની આરસીબી તરફથી રમી ચૂક્યો છે.

**(૪) પ્રધાનમંત્રી વય વંદના યોજના :**

- કેન્દ્રીય નાણા અને સંરક્ષણ મંત્રી અરૂણ જેટલી દ્વારા પ્રધાનમંત્રી વય વંદના યોજના લોન્ચ કરાઇ.
- ભારત સરકાર દ્વારા જાહેર થયેલી આ યોજના ૬૦ વર્ષ કે વધુ ઉંમરના જયેષ્ઠ નાગરિકો માટે છે.
- આ યોજના ૩ મે, ૨૦૧૮ સુધી ઉપલબ્ધ રહેશે.
- આ યોજનાનો ભારતીય જીવન વિમા નિગમના માધ્યમથી ઓફલાઇનની સાથે–સાથે ઓનલાઇન પણ ખરીદી શકાશે.
- એલઆઇસીને આ યોજનાનું સંચાલન કરવાનો વિશેષધિકાર અપાયો છે.
- આ યોજના ૧૦ વર્ષ માટે દર વર્ષે ૮ ટકાના દરે વળતર આપશે.
- પેન્શન ચૂકવણીના ચાર પ્રકાર છે.
  માસિક, ત્રિમાસિક, અર્ધવાર્ષિક, વાર્ષિક
- લઘુતમ પેન્શન માસિક રૂા. ૧૦૦૦,
  મહત્તમ પેન્શન માસિક રૂા. ૫૦૦૦
- આ યોજનાને સર્વિસ ટેક્સ અને જીએસટીમાંથી મુક્તિ અપાઇ છે.
- ગંભીર બિમારીના કેસમાં પોલીસી પાકે તે પહેલા ૯૮ ટકા રકમ ઉપાડી શકાશે.

## 23.July. 2017

**(૧) રાષ્ટ્રપતિના સચિવની નિમણૂંક :**

- ભારતના ૧૪માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ચૂંટાઇ આવતા કેન્દ્ર સરકારે રાષ્ટ્રપતિના સચિવ પદે આઇએએસ સંજય કોઠારીની નિમણૂંક કરી.
- તથા ગુજરાત કેડરના આઇએફએસ ભારત લાલને સંયુક્ત સચિવ અને વરિષ્ઠ પત્રકાર અશોક મલિકને પ્રેસ સચિવ બનાવવામાં આવ્યા છે.

**(૨) ફોર્ચ્યુન મેગેઝિનની ટોપ–૫૦૦ કંપનીની યાદી :**

- પ્રખ્યાત મેગેઝિન ફોર્ચ્યુન દ્વારા વર્ષ ૨૦૧૭ માટે વિશ્વની ટોપ–૫૦૦ કંપનીની યાદી જારી કરાઇ હતી.
- ટોપ–૫૦૦ માં ભારતની ૭ કંપનીઓને સ્થાન મળ્યું છે.
  (૧) ઇન્ડિયન ઓઇલ કંપની – ૧૬૮
  (૨) રિલાયન્સ ઇન્ડસ્ટ્રી – ૨૦૩
  (૩) સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા – ૨૧૭
  (૪) તાતા મોટર્સ – ૨૪૭
  (૫) રાજેશ એક્સપોર્ટ્સ – ૨૯૫
  (૬) ભારત પેટ્રોલિયમ – ૩૬૦
  (૭) હિન્દુસ્તાન પેટ્રોલિયમ – ૩૮૪
- આ યાદીમાં ૧૩૨ અમેરિકી કંપનીઓનો સમાવેશ થયો છે.
- યાદીમાં સામેલ કંપનીઓ પૈકી ૪૦ ટકા કંપની એશિયાઇ છે.
- ટોપ–૩ કંપની :
  (૧) વોલ માર્ટ – અમેરિકા
  (૨)સ્ટેટ ગ્રિડ – ચીન
  (૩) સિનોપેક ગ્રુપ – ચીન

(૩) ઉસેન બૌલ્ટ : દૌડ
- જમૈકાના વિશ્વ ચેમ્પિયન સ્પ્રિન્ટ કિંગ ઉસેન બૌલ્ટે મોનાકોમાં યોજાયેલી ડાયમંડ રેસમાં શાનદાર પ્રદર્શન જાળવી રાખ્યું.
- તેણે ૧૦૦ મીટર દૌડ માત્ર ૯.૯૫ સેકન્ડમાં પૂર્ણ કરી આ રેસ જીતી લીધી.
- બૌલ્ટ તેની કારકીર્દિમાં ૧૧ ગોલ્ડ મેડલ જીતી ચૂક્યો છે.
- આગામી મહિને લંડનમાં યોજાનારી વર્લ્ડ ચેમ્પિયનશીપમાં તે ૧૦૦ મીટર અને ૪૧૦૦ મીટરની રીલેમાં ભાગ લેવાનો છે.
- આ ચેમ્પિયનશીપ બાદ તે નિવૃત્તી લેવાનો છે.

## 24.July. 2017

(૧) મહિલા ક્રિકેટ વર્લ્ડકપ : ૨૦૧૭
- ઇંગ્લેન્ડના લોર્ડઝ મેદાનમાં યોજાયેલ ભારત–ઇંગ્લેન્ડ મહિલા ક્રિકેટ વર્લ્ડકપની ફાઇનલ મેચમાં ભારતનો પરાજય થયો.
- ઇંગ્લેન્ડે પ્રથમ દાવ લેતા ૨૨૮ રન કર્યા હતા જ્યારે ભારત ૨૧૯ રન કરી શક્યું હતું
- ભારત કેપ્ટન : મિતાલી રાજ
- ઇંગ્લેન્ડ કેપ્ટન : હેથર નાઇટ
- ટૂર્નામેન્ટ દરમિયાન ઇંગ્લેન્ડની બ્યુમોન્ટ ૯ મેચમાં ૪૧૦ રન સાથે સૌથી સફળ બેટ્સવુમન રહી હતી.
- જ્યારે ભારતીય કેપ્ટન મીતાલી રાજ ૪૦૯ રન સાથે બીજા ક્રમે હતી.
- દ.આફ્રિકાની નાઇકેર્ક સાત મેચમાં ૧૫ વિકેટ ઝડપી સૌથી સફળ બોલર રહી હતી.
- પ્રથમ મહિલા વર્લ્ડકપ ઇતિહાસ :
- મહિલા ક્રિકેટ વર્લ્ડકપ ૧૯૭૩ ઇંગ્લેન્ડ ખાતે યોજાયો હતો. જેમાં ઇંગ્લેન્ડ ચેમ્પિયન બન્યું હતું.
- જ્યારે બીજો વર્લ્ડકપ ૧૯૭૮માં ભારતની ધરતી પર રમાયો હતો. જેમાં ડાયના એડુલજીની કેપ્ટન્સી હેઠળ ભારતે પ્રથમ વખત ભાગ લીધો હતો.
- બીજા વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન બન્યું હતું.
- અત્યાર સુધી યોજાયેલા ૧૧ વર્લ્ડકપમાં ઓસ્ટ્રેલિયા ૬ વખત ઇંગ્લેન્ડ ૪ વખત અને ૧ વખત ન્યૂઝિલેન્ડ ચેમ્પિયન રહ્યું છે.
- ભારત આ બીજી વખત ફાઇનલમાં પહોચ્યું હતું. આ પહેલા વર્ષ ૨૦૦૫માં ફાઇનલમાં ઔસ્ટ્રેલિયા સામે પરાજય થયો હતો.

(૨) વર્લ્ડ પેરા એથ્લેટિક્સ :
- લંડનમાં ૪ દિવસ માટે યોજાયેલી વર્લ્ડ પેરા એથ્લેટિક્સમાં ભારતે ૫ મેડલ જીતી લઇ ટેબલ આંકમાં ૨૯ મું સ્થાન મેળવ્યું.
- ભારતે આ સ્પર્ધામાં એક ગોલ્ડ, બે સિલ્વર અને બે બ્રોન્ઝ મેળવ્યા જે નીચે મુજબ છે.

(૧) સુંદરસિંહ ગુર્જર : ભાલા ફેંક
– સુંદરસિંહ ગુર્જરે ૬૦.૩૬ મીટરના પોતાના શ્રેષ્ઠ પ્રદર્શન સાથે ગોલ્ડ મેડલ જીત્યો.
– આ સિદ્ધિ મેળવનાર સુંદરસિંહ ગુર્જર પ્રથમ ભારતીય બન્યો.

(૨) અમિતકુમાર સરોહા – ક્લબ થ્રો– એફ–૫૧
– મેન્સની ક્લબ થ્રો એફ–૫૧ સ્પર્ધામાં ૩૦.૨૫ મીટર સાથે સિલ્વર મેડલ જીત્યો હતો.
– અમિતે ૨૦૧૫માં દોહા ખાતે યોજાયેલી છેલ્લી ચેમ્પિયનશીપમાં પણ સિલ્વર મેડલ જીત્યો હતો.
– આ ઉપરાંત તેણે ૨૦૧૪ ની ઇંચિયોન એશિયન પેરા ગેમ્સમાં ગોલ્ડમેડલ જીત્યો હતો.

(૩) કર્મજ્યોતિ દલાલ : ચક્ર ફેંક :
–ભારતની મહિલા પેરા એથ્લીટ કર્મજ્યોતિ દલાલે ડિસ્કસ થ્રોમાં ૧૯.૦૨ મીટર દુર ચક્ર ફેકીને બ્રોન્ઝ મેડલ જીત્યો.

(૪) શરદ યાદવ : હાઇ જમ્પ :
– ભારતના શરદ યાદવે હાઇજમ્પની ટી–૪૨ સ્પર્ધામાં ભાગ લઇ ૧.૮૪ મીટરના અંગત સર્વશ્રેષ્ઠ પ્રયાસ સાથે સિલ્વર મેડલ જીત્યો.

(૫) વરૂણ ભાટી : હાઇ જમ્પ :
– ભારતીય એથ્લીટ વરૂણ ભાટીએ પણ હાઇજમ્પની ટી–૪૨ સ્પર્ધામાં ભાગ લઇ ૧.૭૭ મીટરના પ્રયાસ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

(૩) ઝીલ દેસાઇ : ટેનિસ
– અમદાવાદની આંતરરાષ્ટ્રીય ટેનિસ ખેલાડી ઝીલ દેસાઇએ યુથ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડમેડલ જીત્યો
– આ સાથે તે યુથ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ જીતનારી ગુજરાતની પ્રથમ ખેલાડી બની ગઇ છયે.
– ગર્લ્સ સિંગલ્સની ફાઇનલમાં તેણે સાયપ્રસની એલિઝાને હરાવી હતી.
– બહમાસ ખાતે હાલમાં યુથ કોમનવેલ્થ ચાલી રહી છે.
– આ ઉપરાંત ભારતના સચીને પણ બોક્સિંગમાં ૪૯ કિગ્રા વજન વર્ગમાં વેલ્સના જેમ્સ નાથનને હરાવી ગોલ્ડ મેડલ જીત્યો હતો.

Vivekanand Academy Gandhinagar

- ભારતે આ યુથ કોમનવેલ્થમાં ચાર ગોલ્ડ, એક સિલ્વર, અને છ બ્રોન્ઝ સાથે કુલ ૧૧ મેડલ મેળવ્યા.
- મેડલ ટેલીમાં ભારત સાતમાં ક્રમે રહ્યું હતું.
- ૫૧ મેડલ સાથે ઇંગ્લેન્ડ પ્રથમ ક્રમે રહ્યું હતું.

## 25.July. 2017

**(૧) યુએસ ઓપન ગ્રાં.પ્રિ. બેડમિન્ટન ચેમ્પિયનશીપ :**

- ભારતીય બેડમિન્ટન ખેલાડી એચ.એસ. પ્રણોયે યુ.એસ. ઓપન ગ્રાં.પ્રિ. બેડમિન્ટન ચેમ્પિયનશીપ જીતી લીધી.
- ઓલ ઇન્ડિયન ફાઇનલમાં ભારતના જ પારુપલ્લી કશ્યપને હરાવી પ્રણોયે આ ચેમ્પિયનશીપ જીતી.
- આ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બનનાર પ્રણોય પ્રથમ ભારતીય બની ગયો છે.
- પ્રણોયનું આ વર્ષમાં પ્રથમ અને કારકીર્દિનું ત્રીજું ટાઇટલ છે.

**(૨) આઇસીસી મહિલા વર્લ્ડકપ ટીમ :**

- તાજેતરમાં પૂર્ણ થયેલ આઇસીસી મહિલા વર્લ્ડકપ બાદ આઇસીસી દ્વારા મહિલા વર્લ્ડકપ ટીમ જાહેર કરાઇ.
- ભારતીય મહિલા ક્રિકેટ કેપ્ટન મિતાલી રાજને આ ટીમની કેપ્ટન બનાવાઇ છે.
- તથા અન્ય ભારતીય ખેલાડીઓમાં વિસ્ફોટક ખેલાડી હરમનપ્રીત કૌર અને ઓલરાઉન્ડર દીપ્તિ શર્માને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

**(૩) યુ.આર. રાવ – વિજ્ઞાની :**

- ભારતના મહાન વિજ્ઞાની યુ.આર. રાવનું બેંગ્લુરૂ ખાતે અવસાન.
- પુરૂનામ : ઉડુપી રામચંદ્ર રાવ
- જન્મ : વર્ષ ૧૯૩૨માં કર્ણાટકમાં અદામારૂ વિસ્તારમાં તેમનો જન્મ થયો હતો.
- તેમણે અમદાવાદમાં ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (પીઆરએલ) માં ડૉ. વિક્રમ સારાભાઇના માર્ગદર્શન હેઠળ પીએચડીનો અભ્યાસ કર્યો હતો.
- ૧૯૬૬માં તેઓ અમદાવાદમાં પીઆરએલમાં જોડાયા હતા.
- તેમણે સેટેલાઇટ પ્રોગ્રામમાં પ્રોજેક્ટ ડાયરેક્ટર તરીકે કામ શરૂ કર્યું હતું.
- ૧૯૭૫માં ભારતના પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટને લોન્ચ કરવામાં પ્રો. રાવની મહત્વની ભૂમિકા હતી.
- આ ઉપરાંત ચંદ્રનો અભ્યાસ કરવા માટેના મિશન ચંદ્રયાન અને મંગળનો અભ્યાસ કરવા માટેના અભિયાન મંગળયાનની યોજનામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી.
- કારકિર્દીના અંતિમ વર્ષોમાં તેઓ સૂર્યનો અભ્યાસ કરવા માટે 'આદિત્ય મિશન' ની યોજનામાં પણ સંકળાયેલા હતા.
- તેઓ ૧૯૮૪ થી ૧૯૯૪ સૂધી ઇસરોના ચેરમેન રહ્યા હતા.
- ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૭૬ માં તેમને પદ્મભૂષણ અને વર્ષ ૨૦૧૭માં પદ્મવિભૂષણથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- વોશિંગ્ટન 'સેટેલાઇટ હોલ ઓફ ફેઇમ'માં સ્થાન મેળવનાર તેઓ પ્રથમ ભારતીય વિજ્ઞાની છે.

**(૪) ચીને સ્કાય ટ્રેનનું પરિક્ષણ કર્યું:**

- તાજેતરમાં ચીને તેની પ્રથમ સ્કાય ટ્રેનનું પરિક્ષણ કર્યું.
- વિશ્વમાં સૌથી વધુ વસતિ ધરાવતા દેશ ચીનમાં આ સ્કાય ટ્રેનની રેલવે લાઇનો જમીનથી ૫ મીટર ઉંચે રહેતી હોવાથી પેસેન્જર્સને ગીચ ટ્રાફીકથી મુક્તિ મળશે.
- ચીન આ ટેકનોલોજી અપાવનારો જર્મની અને જાપાન બાદ ત્રીજો દેશ બન્યો છે.

**(૫) દેશભરમાં એક જ રંગની પોલીસ વર્દી :**

- હવે દેશભરમાં એક સરખો પોલીસ યુનિફોર્મ લાવવાનો કેન્દ્ર સરકારે નિર્ણય કર્યો છે.
- આ માટે કેન્દ્ર સરકારે તમામ રાજ્યોની સંમતિ લીધી છે.
- આ યુનિફોર્મ અમદાવાદ સ્થિત નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન દ્વારા તૈયાર કરાયો છે.
- દેશના તમામ રાજ્યોમાં પોલીસની વર્દીનો રંગ એકસરખો હશે., ટોપી, બેલ્ટ અને બૂટ–મોજા પણ એક જેવા હશે.
- આ વર્દી પર ઇન્ડિયન પોલીસનો ટેગ લાગશે.
- જો કે રાજ્ય સરકાર રાજ્યની ઓળખ ઉભી કરતો ટેગ ઉમેરી શકશે.

## 26.July. 2017

**(૧) કારગિલ વિજય દિવસ :**

**(૨) 'સાચી' અને 'શ્રુતિ' યુદ્ધ જહાજ :**

- અમરેલીના પીપાવાવ ખાતે રિલાયન્સ ડિફેન્સ એન્ડ એન્જીનિયરીંગના સહયોગથી વિશાળ બે સમુદ્રી જહાજનું લોકાર્પણ કરવામાં આવ્યું.
- દેશમાં આ પહેલી ઘટના છે કે ખાનગી કંપનીના સહયોગથી આ સમુદ્ર રક્ષક જહાજ લોકાર્પણ કરાઇ રહ્યું છે.
- રિલાયન્સ ડિફેન્સ એન્ડ ટેકનિકલ દ્વારા કુલ ૫ જહાજો બનાવાઇ રહ્યાં છે તેમાંથી આ બે જહાજોનું લોકાર્પણ કરાયું.
- NSS-001 અને NSS-002 ને ભારતીય ભાષા મુજબ 'સાચી' અને 'શ્રુતિ' નામ આપવામાં આવ્યા છે.
- આ જહાજો નેવલ ઓફશ્યોઅર પેટ્રોલ વેસલ તરીકે ઓળખાય છે.
- **જહાજની ક્ષમતા અને ખાસીયત :**
  - ૧૨ કીમી રેંજમાં ૧ મિનિટમાં ૧૨૦ તોપગાળા ટાર્ગેટ પર છોડી શકે છે.
  - જહાજમાં યુદ્ધ સામગ્રીઓથી સજ્જ સાડા બાર ટનનું હેલીકોપ્ટર
  - સ્પીડ : ૨૫ સમુદ્રી માઇલ

– હથિયારો : ૭૬ એમ.એમ. સુપર રેપિડ ગન સિસ્ટમ,
૩૦ એમ.એમ. એકે ૬૩૦ એમ.એમ. ગન સિસ્ટમ સાથે મિડિયમ રેંજ અને શોર્ટ રેંજ કેપેબીલીટી.
– માર્ચમાં આ જહાજો દરિયામાં તરતા થશે.

**(૩) ગુજરાતના પુરગ્રસ્ત વિસ્તારને કેન્દ્રની સહાય :**
– ગુજરાતમાં અતિવૃષ્ટિના કારણે થયેલા નુકસાન માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડમાંથી તાત્કાલીક સહાય તરીકે રૂા. ૫૦૦ કરોડ આપવાની જાહેરાત કરી.
– તેમણે આપત્તિમાં જાન ગુમાવનાર વ્યક્તિઓના વારસદારને રૂા. ૨ લાખ તથા ઇજાગ્રસ્તને રૂા. ૫૦ હજારની સહાય આપવાની જાહેરાત કરી.
– તેમજ બચાવ કામગીરી માટે ૧૦ હેલીકોપ્ટર્સ પણ આપવા જાહેરાત કરી.

**(૪) પ્રો. યશપાલ – વિજ્ઞાની :**
– ભારતના જાણીતા વૈજ્ઞાનિક અને શિક્ષણવિદ્ પ્રોફેસર યશપાલ શર્માનું અવસાન.
– જન્મ : ૨૬ નવેમ્બર ૧૯૨૬ ના રોજ હાલના પાકિસ્તાનના પંજાબ રાજ્યના ઝાંગ શહેરમા થયો હતો.
– કોસ્મિક કિરણો પર તેમના રિસર્ચ ને વિજ્ઞાનની દુનિયામાં મોટા યોગદાન તરીકે જોવામાં આવે છે.
– પ્રો. યશપાલ અમદાવાદ સ્થિત સ્પેસ એપ્લીકેશન સેન્ટરના પહેલા અધ્યક્ષ હતા.
– તેમના શિક્ષણસંબંધી અહેવાલ ' ભાર વિનાનું ભણતર' એવું માથાળું ધરાવતો તેમનો અહેવાલ શિક્ષણને નવી દિશા અને નવો અભિગમ ચીંધનારો હતો.
– તેઓ ૧૯૮૬ થી ૧૯૯૧ સુધી યુજીસીના ચેરમેન રહ્યા હતા.
– ૧૯૮૩–૮૪માં તેઓ પ્લાનિંગ કમિશનના મુખ્ય સલાહકાર બન્યા હતા.
– ૨૦૦૭ થી ૨૦૧૨ દરમિયાન જેએનયુના ચાન્સેલર પણ બન્યા હતા.
– ૨૦૦૯માં વિજ્ઞાનને પ્રોત્સાહન આપવા માટે અને તેને લોકપ્રિય બનાવવામાં મહત્વની ભૂમિકા બદલ યુનેસ્કોએ કલિંગ સન્માનથી નવાજ્યા હતાં.
– ભારત સરકાર દ્વારા તેમને ૧૯૭૬ માં પદ્મભૂષણ તથા ૨૦૧૩માં પદ્મવિભૂષણથી સન્માનીત કરાયા હતા.

**(૫) તમિલનાડુમાં વંદે માતરમ્ ફરજિયાત :**
– તાજેતરમાં મદ્રાસ હાઇકોર્ટે દ્વારા તમિલનાડુની શાળાઓ, કોલેજો યુનિવર્સિટી અને સરકારી – ખાનગી ઓફિસોમાં વંદે માતરમ્ ગાવાનું અનિવાર્ય કર્યુ.
– ન્યાયમૂર્તિ એમ.વી. મુરલીધરનના આદેશ મુજબ સ્કુલોમાં સપ્તાહમાં બે વાર અને ઓફીસોમાં મહિનામાં એકવાર રાષ્ટ્રગીત ગાવાનું ફરજીયાત બનાવ્યું છે.
– **ચૂકાદો આપવા પાછળનું કારણ :**
– તમિલનાડુના વિરામણી નામનો વિદ્યાર્થી ૨૦૧૩ માં બીટી આસિસ્ટન્ટ પોસ્ટ માટે પરીક્ષામાં ફેઇલ થયો હતો.
– તેને પાસ થવા માટે ૯૦ માર્કસ જોઇતા હતા પરંતુ ૮૯ માર્કસ આવ્યા હતા.
– તેણે પોતાની આન્સરશીટ જોતા રાષ્ટ્રભાષા કઈ ભાષામાં લખાયું છે તે પ્રશ્નનો જવાબ ખોટો નિકળ્યો.
– તેણે જવાબ બાંગ્લા લખ્યુ હતું પરંતુ બોર્ડ દ્વારા સંસ્કૃત જવાબ આપવામાં આવ્યો હતો.
– તેણે આ જવાબને કોર્ટમાં પડકાર્યો અને કોર્ટ મુજબ વંદે માતરમ્ની મૂળ ભાષા સંસ્કૃત છે પરંતુ તેને બાંગ્લામાં લખવામાં આવ્યું છે.
– જજે વિરામણીને પરિક્ષામાં પાસ કરવા તથા સમગ્ર રાજ્યમાં રાષ્ટ્રગીતને અનિવાર્ય કરતો ચૂકાદો આપ્યો.

**(૬) અનારકલી મેડમ તુષાદ મ્યુઝિયમમાં :**
– મેડમ તુષાદ મ્યુઝિયમમાં દિવંગત અભિનેત્રી મધુબાલાની મીણની પ્રતિમાં મુકાવાની છે.
– આ મીણની પ્રતિમાં ફિલ્મ મુગલ–એ–આઝમમાં મધુબાલાએ ભજવેલા કિરદાર અનારકલી પ્રેરીત છે.
– પહેલીવાર કોઇ પીઢ અભિનેત્રીને ફિલ્મ સ્ટાઇલમાં મ્યુઝિયમમાં સ્થાન મળવાનું છે.

**(૭) ૨૦૨૧માં ભારતમાં વિશ્વ બોક્સિંગ ચેમ્પિયન યોજાશે.**
– આંતરરાષ્ટ્રીય બોક્સિંગ એસોસિએશન (એઆઇબી) ની મોસ્કો ખાતે યોજાયેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો.
– ૨૦૧૮ ભારતમાં મહિલા વર્લ્ડ ચેમ્પિયનશીપ બાદ વર્ષ ૨૦૨૧માં સૌ પ્રથમ વખત મેન્સ બોક્સિંગ ચેમ્પિયનશીપ યજમાની કરશે.
– આ પહેલા ૨૦૦૬ માં મહિલા ચેમ્પિયનશીપની યજમાની ભારતે કરી હતી પરંતુ મેન્સ બોક્સિંગ ચેમ્પિયનશીપ પ્રથમ વાર યોજાશે.
– આંતરરાષ્ટ્રીય બોક્સિંગ એસોસિએશનના અધ્યક્ષ : ડૉ. ચિંગ કુઆ વુ.
– ભારતીય બોક્સિંગ સંઘના અધ્યક્ષ : અજયસિંહ
– કેન્દ્રિય રમત મંત્રી : વિજય ગોયલ

**(૮) મેરવિન રોઝ : ટેનિસ :**
– ઓસ્ટ્રેલિયાના લેજન્ડરી ટેનિસ ખેલાડી અને કોચ મેરવિન રોઝનું અવસાન.
– તેમણે ૧૯૫૪ માં ઓસ્ટ્રેલિયન ઓપન અને ૧૯૫૮ માં ફ્રેન્ચ ઓપન અને ૧૯૫૮માં ફ્રેન્ચ ઓપન ચેમ્પિયનશીપ જીતી હતી.
– તેઓ આ ઉપરાંત પાંચ ડબલ્સ ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ જીત્યા હતા.
– ૨૦૦૧ માં તેમણે ટેનિસના હોલ ઓફ ફેમમાં સ્થાન આપવામાં આવ્યું હતું.

**(૯) હર્ષદા રાવળ : ગાયિકા :**
– ગુજરાતી સુગમ સંગિતના પાશ્વગાયિકા હર્ષદાબેન જનાર્દન રાવળનું અમદાવાદ ખાતે અવસાન.

Vivekanand Academy Gandhinagar

- ગુજરાત સરકાર દ્વારા તેમને પાંચ વખત શ્રેષ્ઠ પાશ્વગાયિકાનો પુરસ્કાર એનાયત કરાયો હતો.
- તેમનો જન્મ લીમડી ખાતે મણિશંકર વ્યાસના પરિવારમાં થયો હતો.
- તેમના પ્રખ્યાત ગીતો :
  - 'એક લાલ દરવાજે તંબુ તાણીયા'
  - 'મણિયારો'
  - 'ભીતરનો ભેરૂ મારો'
  - એકલા જ આવ્યા મનવા, એકલા જ જવાના'
  - 'કેવા રે મળેલા મનના મેળ'

## 27.July. 2017

**(૧) ડૉ. એ.પી.જે.અબ્દુલ કલામ પૂણ્યતિથિ :**

- ૨૭ જુલાઇ ૨૦૧૭ ડૉ કલામની દ્વિતિય પૂણ્યતિથિ છે.
- તેમની બીજી પૂણ્યતિથિએ રામેશ્વરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડૉ. એપીજે અબ્દુલ કલામ નેશનલ મેમોરીયલનું ઉદ્‌ઘાટન કર્યું.
- રામેશ્વરમમાં જ્યા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.કલામને દફનાવાયા હતા તે જગ્યાને હવે નોલેજ સેન્ટર સ્મારકમાં ફેરવી દેવામાં આવી છે.
- સ્મારકના પરિસરમાં વીણા વગાડતા કલામની ૭ ફુટની પ્રતિમાં છે.
- ખર્ચ : રૂા. ૨૦ કરોડ
- મેમોરીયલ નો લુક ઇન્ડિયા ગેટ અને રાષ્ટ્રપતિભવન જેવો રાખ્યો છે.
- તેમા કલામ રાષ્ટ્રપતિ ભવનમાં રહ્યા ત્યારના, યુ.એન.માં આપેલા ભાષણો, ઇસરો અને ડીઆરડીઓમાં તેમના કામ શિલોંગના આઇઆઇએમમાં તેમના છેલ્લા લેક્ચર દર્શાવ્યા છે.
- તેમણે કરેલા સંશોધનો અંગે પણ માહિતી મૂકાશે
- મેમોરીયલમાં તામિલ, હિન્દી અને અંગ્રેજીમાં ઓડિયો વિઝ્યુઅલ કોમેન્ટ્રી હશે.
- આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કલામ સંદેશ વાહિની બસને પણ લીલીઝંડી આપી હતી જે બસ દેશના તમામ રાજ્યોમાં ફરશે અને ૧૫ ઓક્ટોબરે કલામની જન્મજયંતિએ રાષ્ટ્રપતિ ભવન પહોંચશે.

**(૨) હાર્દિક પંડ્યાએ ટેસ્ટક્રિકેટમાં પદાર્પણ કર્યું :**

- વડોદરાના હાર્દિક પંડ્યાએ શ્રીલંકા સામેની પ્રથમ ટેસ્ટમાં ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કર્યું.
- કેપ્ટન વિરાટ કોહલીએ તેને ટેસ્ટ કેપ આપી હતી.
- હાર્દિક ભારત તરફથી ટેસ્ટક્રિકેટ રમનારો ૨૮૯મો ખેલાડી બન્યો.
- તેણે પ્રથમ ટેસ્ટમાં જ ૪૯ બોલમાં ૫૦ રન ફટકાર્યા હતા.

## 28.July. 2017

**(૧) જેફ બેઝોસ : એમેઝોનના સ્થાપક :**

- વિશ્વની સૌથી મોટી ઓનલાઇન રિટેલર કંપનીના સીઇઓ જેફ બેઝોસ વિશ્વના સૌથી વધુ અમીર બની રહ્યાં છે.
- બ્લૂમર્ગ વેબસાઇટના અહેવાલ મુજબ એમેઝોનના શેરના ભાવમાં આવેલ ઉછાળાના પગલે બેઝોસની નેટવર્થ વધીને ૯૦.૯ અબજ ડોલરની સપાટીએ પહોંચી છે.
- તેઓ માઇક્રોસોફ્ટના બિલગેટ્સને પણ પાછળ છોડી સૌથી વધુ ધનવાન બની રહ્યા છે.

**(૨) ખેલરત્ન – અર્જૂન એવોર્ડ પસંદગી સમિતિ :**

- ભારતના પૂર્વ વિસ્ફોટક બેટ્સમેન વિરેન્દ્ર સેહવાગ અને દિગ્ગજ એથ્લીટ પી.ટી.ઉષાને ખેલરત્ન અને અર્જૂન એવોર્ડ પસંદગી સમિતિના સભ્યો બનાવાયા છે.
- ૧૨ સભ્યોની આ સમિતિના અધ્યક્ષ નિવૃત્ત જસ્ટિસ સી.કે. ઠક્કર હશે.
- સમિતિના અન્ય સભ્યો :
  મુકુંદ કિલેકર (બોક્સર)
  સુનિલ ડબાસ (કબડ્ડી)
  એમ.આર. મિશ્રા (પત્રકાર)
  એસ.કન્નન (પત્રકાર)
  સંજીવ કુમાર (પત્રકાર)
  લતા માધવી (પેરા એથ્લીટ)
  અનિલ ખન્ના, ઇજેંતી શ્રીવાસ્તવ, રાજવીર સિંહ
- આ ઉપરાંત બેડમિન્ટન કોચ પુલેલા ગોપીચંદને દ્રોણાચાર્ય અને ધ્યાનચંદ એવોર્ડ સમિતિમાં સમાવાયા છે.

## 29.July. 2017

**(૧) નવાઝ શરીફ :**

- પાકિસ્તાની સુપ્રીમ કોર્ટે પનામા પેપર્સ કૌભાડમાં ભ્રષ્ટાચારમાં સંડોવણીમાં નવાઝ શરીફને અયોગ્ય ઠેરવ્યા.
- જાહેર જીવનમાં કોઇપણ હોદ્દો સ્વિકારવા પર પ્રતિબંધ લાદી દીધો છે.
- નવાઝ હવે કોઇપણ ચૂંટણી લડી નહી શકે તથા પાર્ટીનો હોદ્દો પણ છોડવો પડશે.
- તેમણે પ્રધાનમંત્રી પદેથી રાજીનામું આપવું પડ્યું છે.
- તેઓ ત્રીજીવાર પ્રધાનમંત્રી બન્યા હતા. પરંતુ ક્યારેય કાર્યકાળ પૂરો કરી શક્યા નથી.
- પહેલીવાર રાષ્ટ્રપતિ બીજીવાર સેના અને ત્રીજીવાર સુપ્રીમ કોર્ટે હટાવી દીધા.
- પક્ષ : પાકિસ્તાન મુસ્લીમ લીગ
- ૭૦ વર્ષમાં પાકિસ્તાનના એકપણ પ્રધાનમંત્રી ૫ વર્ષનો કાર્યકાળ પૂરો કરી શક્યા નથી.

**(૨) ઇન્દરકુમાર :**

- બોલીવુડ અભિનેતા ઇન્દરકુમારનું અવસાન
- તેમણે 'વોન્ટેડ', તૂમ કો ના ભૂલ પાયેંગે' સહીતી ૨૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યું હતું.
- 'સાસ ભી કભી બહુ થી' ટીવી સિરિયલમાં તેમણે મિહિરની ભૂમિકા નિભાવી હતી.

## 30.July. 2017

**(૧) માનવરહિત ટેન્ક 'મંત્રા' :**

Vivekanand Academy Gandhinagar

- દેશની અગ્રણી સંસ્થા ડીઆરડીઓ દ્વારા દેશની સૌપ્રથમ માનવરહિત તથા રિમોટ કંટ્રોલથી સંચાલીત ટેન્ક તૈયાર કરવામાં આવી છે.
- આ ટેન્ક સરહદે દુશ્મનો ઉપર નજર રાખવા જમીનમાં છુપાવેલી સુરંગો શોધવા તથા પરમાણુ અને જૈવિક જોખમોનું સર્વેક્ષણ કરવામાં સક્ષમ છે.
- આ અતીઆધુનિક માનવરહિત ટેન્કને મંત્રા નામ આપવામાં આવ્યું છે.
- આ પ્રકારની ત્રણ ટેન્ક વિકસીત કરવામાં આવી છે. મંત્રા એસ–, મંત્રા –એન, મંત્રા – એમ.
- આ ત્રણેય પ્રકારની ટેન્કનું કાર્યક્ષેત્ર પણ અલગ છે.
- ૧૫ કિમી. દુરથી આવતા ભારે વાહનો વિશે પણ આ ટેન્કની મદદથી જાણી શકાશે.
- રાજસ્થાનમાં આવેલા મહાજન ફિલ્ડ ફાયરીંગ રેન્જમાં આ ટેન્કનું પરિક્ષણ કરાયું હતું.
- ટેન્કનું નામ અને કાર્ય :

  (૧) મંત્રા–એસ :

  – માનવ રહીત સર્વેલન્સ મિશનમાં ઉપયોગી

  (૨) મંત્રા –એમ :

  – દટાયેલી જમીની સુરંગો શોધી કાઢશે.

  (3) મંત્રા – એન : પરમાણુ રેડીએશન અથવા જૈવિક શસ્ત્રોની ધમકી હોય તેવા વિસ્તારોમાં સર્વેલન્સમાં ઉપયોગી

**(૨) ડૉ. કલામ પર બાયોપીક :**

- ડૉ.કલામના જીવન પર ફિલ્મ બનશે.
- આ ફિલ્મનું પોસ્ટર ઇસરોના ચેરમેન એસ.કિરણકુમારે રિલિઝ કર્યુ છે.
- ફિલ્મની ટેગલાઇન ‘ એવરી એજ હેઝ અ હિરો એવરી હીરો હેઝ અ સ્ટોરી’
- આ ફિલ્મનું નિર્માણ અનિલ સુંકારા અને અભિષેક અગ્રવાલે કર્યુ છે.

**(3) શાહિદ ખક્કન અબ્બાસી – પાકિસ્તાન પ્રધાનમંત્રી**

- પાકિસ્તાની સુપ્રીમ કોર્ટે ભ્રષ્ટાચાર આરોપસર નવાઝ શરીફને પ્રધાનમંત્રી પદ માટે અયોગ્ય ઠેરવ્યા હતા.
- શરીફ સરકારમાં પેટ્રોલીયમમંત્રી શાહીદ ખક્કન અબ્બાસી ૪૫ દિવસ પાક.ના વચગાળાના પ્રધાનમંત્રી તરીકે ફરજ બજાવશે.
- નવાઝ શરીફના રાજીનામા બાદ પાકિસ્તાન મુસ્લીમ લીગે આગામી વડાપ્રધાન તરીકે નવાઝના ભાઇ શાહબાઝ શરીફની પસંદગી કરી હતી.
- પરંતુ શાહબાઝ શરીફ પાકિસ્તાન સંસદના સભ્ય ન હોવાથી તાત્કાલીક વડાપ્રધાન બની શકે તેમ નથી.
- તેથી તેઓ સંસદસભ્ય તરીકે ચૂંટાઇ આવે ત્યાં સુધી વચગાળાના પ્રધાનમંત્રી શાહિદ ખક્કન અબ્બાસી રહેશે.
- શાહબાઝ શરીફ હાલમાં પાકિસ્તાનના પંજાબ પ્રાંતના મુખ્યમંત્રી છે.

## 31.July. 2017

**(૧) ‘મન કી બાત’**

- તાજેતરમાં ૩૦ જૂલાઇ રવિવારના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કી બાતની ૩૪ મી આવૃતી સંબોધી હતી.
- દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન રેડીયો પર મન કી બાત સંબોધે છે.
- **વડાપ્રધાનની વાતોના મહત્વના અંશો :**
- આ વખતે ગણેશોત્સવનું ૧૨૫મું વર્ષ છે.
- ગણેશોત્સવની શરૂઆત લોકમાન્ય તિલકે કરાવી હતી.
- ગણેશ ચતુર્થી પર માટીના ગણેશ બનાવવા દેશવાસીઓને આહ્વાન કર્યુ હતું.
- દેશ આ વર્ષે ૧૯૪૨ની ૭૫મી વર્ષગાંઠ ઉજવી રહ્યો છે.
- ડૉ. યુસુફ મેહરઅલીએ ભારત છોડોનો નારો આપ્યો હતો.
- ભારત છોડો આંદોલનમાં ગાંધીજીએ કરો યા મરોનો નારો આપ્યો હતો.
- ૧૫ ઓગસ્ટ ૨૦૧૭ ને સંકલ્પ દિવસ તરીકે મનાવવા વડાપ્રધાને જણાવ્યું હતું.
- જનતા દેશને સુધારવા માટે સંકલ્પ કરશે.
- ગરીબી, ગંદકી, કોમવાદ, જાતિવાદને ભારત છોડોના અભિયાન સાથે ભારતનું નવનિર્માણ કરવા કહ્યું.
- જીએસટીએ એક નવી સંસ્કૃતિને જન્મ આપ્યો છે.

**(૨) લાબેમ ચેમ્પિયનશીપ – બોક્સર :**

- તાજેતરમાં ચેક ગણરાજ્યમાં ૪૮મી ગ્રાં.પ્રિ. ઉસ્ટી નાડ લાબેમ ચેમ્પિયનશીપ યોજાઇ.
- ભારતીય બોક્સરોએ આ ટૂર્નામેન્ટમાં કુલ આઠ મેડલ જીત્યા.
- પાંચ ગોલ્ડ, બે સિલ્વર અને એક બ્રોન્ઝ એમ કુલ ૮ મેડલ જીત્યા.
- મેડલ વિજેતા ખેલાડીઓ :

  (૧) શિવ થાપા (૬૦ કિ.ગ્રા.) ગોલ્ડ મેડલ

  (૨) મનોજકુમાર (૬૯ કિ.ગ્રા.) – ગોલ્ડ મેડલ

  (3) અમિત ફંગલ (૫૨ કિ.ગ્રા.) – ગોલ્ડ મેડલ

  (૪) ગૌરવ વિધુડી (૫૬ કિ.ગ્રા.) – ગોલ્ડ મેડલ

  (૫)સતિષ કુમાર (૯૧ કિ.ગ્રા.) –ગોલ્ડ મેડલ

  (૬)કવિંદર બિષ્ટ (૫૨ કિ.ગ્રા.) – સિલ્વર મેડલ

  (૭) મનિષ પંવાર (૮૧ કિ.ગ્રા.) – સિલ્વર મેડલ

  (૮)સુમીત સાંગવાન – બ્રોન્ઝ મેડલ

Vivekanand Academy Gandhinagar